અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૨ | અંક : ૧૧૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં પૂરા કર્યા ૯૦૦૦ રન




। બેંગલુરૂ, તા.૧૮ ।
વિરાટ કોહલીએ આજે ટેસ્ટ ક્રિકેટમાં એક નવો કીર્તિમાન બનાવ્યો છે. કોહલી બેંગલુરૂમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટની પહેલી ઈનિંગમાં શૂન્ય રને આઉટ થઈ ગયો હતો, ત્યારે તેની ખુબ આલોચના થઈ રહી હતી. પરંતુ આ મેચની બીજી ઈનિંગમાં કોહલીએ પોતાના બેટથી જવાબ આપ્યો છે. આમ તો કોહલીએ ઘણા રેકોર્ડ્સ બનાવ્યા છે, પરંતુ ટેસ્ટ મેચમાં બનાવેલો આ રેકોર્ડ ખુબ ખાસ છે. ભારતીય ટીમ ટીમ ભલે બેકફુટ પર હોય પરંતુ વિરાટ કોહલી અહીં ફ્રંટ ફુટ પર બેટિંગ કરી રહ્યો છે. વિરાટ કોહલી ઘણા સમયથી ટેસ્ટ ક્રિકેટમાં ૯ હજાર રન પૂરા કરવાની પ્રતીક્ષા કરી રહ્યો હતો, આજે તેણે આ સિદ્ધિ હાસિલ કરી છે. આ મેચ પહેલા કોહલીને ૫૩ રનની જરૂર હતી, જે આજે તેણે બનાવી લીધા છે. ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં વિરાટ કોહલીએ અડધી સદી ફટકારી અને ક્રિકેટના સૌથી મોટા ફોર્મેટમાં ૯ હજાર રન પૂરા કર્યા છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર આગામી ૨૨-૨૩ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ રશિયાની મુલાકાત લેશે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી BRICS સમિટમાં ભાગ લેવા રશિયા જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।
વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના પ્રવાસે જઈ રહ્યા છે. તેઓ આગામી ૨૨ થી ૨૩ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન રશિયાની મુલાકાત લેશે. વડાપ્રધાન મોદી ૧૬મી BRICS સમિટમાં ભાગ લેવા માટે રશિયા જઈ રહ્યા છે. બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે પીએમ મોદીને, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આમંત્રણ આપ્યું છે. વખતે બ્રિક્સ સમિટની અધ્યક્ષતા રશિયા કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે આ માહિતી આપી હતી. વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વડાપ્રધાન મોદી તેમની રશિયાની મુલાકાત દરમિયાન બ્રિક્સ સભ્ય દેશોના તેમના સમકક્ષો અને કઝાનમાં આમંત્રિત નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે. આ વર્ષની BRICS સમિટની થીમ 'વૈશ્વિક વિકાસ અને સુરક્ષા માટે બહુપક્ષીયવાદને મજબૂત બનાવવી' છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ સંમેલન નેતાઓને વિશ્વના મુખ્ય મુદ્દાઓ પર



ચર્ચા કરવા માટે એક મહત્વ પૂર્ણ પ્લેટફોર્મ પ્રદાન કરશે. મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે આ સમિટ બ્રિક્સ દ્વારા લેવામાં આવેલી પહેલોની પ્રગતિનું મૂલ્યાંકન કરશે અને ભવિષ્યમાં સહકાર માટે સંભવિત ક્ષેત્રોને ઓળખવાની મૂલ્યવાન તક પણ પૂરી પાડશે. કોન્ફરન્સમાં ભાગ લેવા માટે તમામ સભ્ય દેશોના રાષ્ટ્રાધ્યક્ષો હાજર રહેશે. માનવામાં આવે છે કે બ્રિક્સ સંમેલન સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તે સમયે રશિયામાં હાજર ઘણા દેશોના વડાપ્રધાનો અને રાષ્ટ્રપ તિઓને મળશે. જુલાઈમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે થયેલ મુલાકાત પછી, બંને નેતાઓ વચ્ચે ફરીથી ઓક્ટોબરમાં દ્વિપક્ષીય વાટાઘાટો નક્કી કરવામાં આવી છે. આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા આવી રહેલા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરે તેવી પ્રબળ શક્યતા છે. વર્ષ ૨૦૨૦માં ગલવાન ઘાટી સંઘર્ષ બાદ પહેલીવાર મોદી-જિનપિંગની મુલાકાત થવાની સંભાવના છે. આ પહેલા ચીનના વિદેશ મંત્રી વાંગ યીની વિદેશ મંત્રી જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથેની બેઠક દરમિયાન મોદી-જિનપિંગની સંભવિત બેઠકની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. પીએમ મોદી રશિયાના કઝાનમાં હાજર અન્ય ઘણા સભ્ય દેશોના નેતાઓને મળવા પણ શક્ય છે. બ્રિક્સ સંગઠનના વિસ્તરણ બાદ રશિયામાં આયોજિત બ્રિક્સ સંમેલનને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. રશિયા સતત બ્રિક્સ ચલણ વિશે વાત કરી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે ડોલરને લઈને અમેરિકન મનસ્વીતાને રોકવા માટે બ્રિક્સના સભ્ય દેશો વૈકલ્પિક ચલણ લઈને આવી શકે છે. રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆત બાદ આ પહેલીવાર છે, જ્યારે રશિયામાં આટલા મોટા કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈઝરાયેલ-મધ્ય પૂર્વ સંઘર્ષને ધ્યાનમાં રાખીને, BRICS સમિટમાં લેવાયેલા નિર્ણયોની દૂરગામી અસરો હશે. પચાસથી વધુ દેશોએ બ્રિક્સમાં સભ્યપદ લેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. બ્રાઝિલ, રશિયા, ચીન, ભારત અને દક્ષિણ આફ્રિકા દ્વારા શરૂ કરાયેલા આ સંગઠનમાં પાંચ નવા સભ્ય દેશો જોડાયા છે. જેમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાતના નામ સામેલ છે.

### AJSU ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે

## NDA ગઠબંધનમાં ઝારખંડ માટે બેઠક વહેંચણી પર સંમતિ સધાઈ

। (એજન્સી) રાંચી, તા.૧૮ ।
ઝારખંડ વિધાનસભા ચૂંટણીને લઈને NDAમાં બેઠકોની વહેંચણી કરવામાં આવી છે. ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન (AJSU) ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે જેડીયુને ૨ બેઠકો આપવામાં આવી છે. ચિરાગ પાસવાનની પાર્ટી એલજેપીને ચતરાની બેઠક આપવામાં આવી છે. તો ભાજપ બાકીની ૬૮ બેઠકો પર ચૂંટણી લડશે. કેન્દ્રીય મંત્રી અને ઝારખંડ માટે ભાજપના ચૂંટણી પ્રભારી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, 'ભાજપ, ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન (AJSU), જનતા દળ (યુનાઈટેડ) અને લોક જનશક્તિ પાર્ટી (LJP) ઝારખંડમાં સાથે મળીને ચૂંટણી લડશે. પણ સમજૂતી થઈ છે. બેઠકોની વહેંચણી પર તેને અંતિમ સ્વરૂપ આપવામાં




આવ્યું છે અને ટૂંક સમયમાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે.' આસામના મુખ્યમંત્રી અને ઝારખંડ ભાજપના ચૂંટણી સહ પ્રભારી હેમંત બિસ્વા સરમાએ જણાવ્યું હતુ કે, 'ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લડવામાં આવશે. ભાજપ ૬૮ બેઠકો પર ચૂંટણી લડશે અને AJSUને ૧૦ બેઠકો આપવામાં આવી છે.' ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન (AJSU) સિલ્લી, રામગઢ, ગુમિયા, ઈચાગઢ, માંડુ, જુગસલિયા, ડુમરી, પાકુર, લોહરદગા અને મનોહરપુર પર ચૂંટણી લડશે.

જેડીયુ જમશેદપુર પશ્ચિમ અને તમાડ બેઠક પર ચૂંટણી લડશે. જ્યારે એલજેપી ચતરાથી બેઠક પર ચૂંટણી લડશે. ઝારખંડમાં બે તબક્કામાં મતદાન થશે. પહેલા તબક્કામાં ૧૩મી નવેમ્બરે ૪૩ બેઠકો પર મતદાન થશે અને બીજા તબક્કામાં ૨૦મી નવેમ્બરે ૩૮ બેઠકો પર મતદાન થશે. આ પછી ૨૩મી નવેમ્બરે મતગણતરી થશે. ચૂંટણી પંચ અનુસાર, ઝારખંડમાં કુલ મતદારોની સંખ્યા ૨,૫૫,૧૮,૬૪૨ છે, જેમાં પુરુષ મતદારોની સંખ્યા ૧,૨૯,૯૭,૩૨૫ છે, જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૧,૨૫,૨૦,૯૧૦ છે.

### ભાજપ પૂર્વ CMને મેદાને ઉતારવા તૈયાર

# નાંદેડ લોકસભા બેઠકની પેટાચૂંટણી બની હાઈપ્રોફાઈલ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।
મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની સાથે સાથે નાંદેડ લોકસભા પેટાચૂંટણી પણ યોજાવાની છે. આ માત્ર એક બેઠકની પેટાચૂંટણીને ભાજપ સામાન્ય લેવા નથી માંગતી. અહીં મજબૂત ઉમેદવાર ઉભા રાખવાની તૈયારી કરી રહી છે. મહારાષ્ટ્ર ભાજપના સૂત્રોનું કહેવું છે કે, પૂર્વ સીએમ અને રાજ્યસભા સાંસદ અશોક ચવ્હાણને પણ અહીંથી મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. પાર્ટીમાં તેમના નામ પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે. તેઓ થોડા મહિના પહેલા જ ભાજપ માં જોડાયા હતા અને તેમને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા. નાંદેડ તેમનો ગઢ માનવામાં આવે છે. અહીં તેમનો પ્રભાવ અને પાર્ટીની મોટી વોટ બેંક દ્વારા જીતશે તેવી આશા છે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે અશોક ચવ્હાણને જ મેદાનમાં ઉતારવામાં આવે તેવી ચર્ચા ચાલી રહી છે. જો તે જીતે છે તો રાજ્યમાંથી અન્ય નેતાને રાજ્યસભામાં મોકલી શકાય છે. કોંગ્રેસે આ બેઠક પરથી પૂર્વ સાંસદ વસંત ચવ્હાણના પુત્ર રવિન્દ્ર ચવ્હાણને ઉમેદવાર જાહેર કર્યા છે. તો આ બાજુ ભાજપને લાગે છે કે, રવિન્દ્ર ચવ્હાણને મેદાનમાં ઉતારીને કોંગ્રેસ વસંત રાવના નિધનથી ઉભી થયેલી સહાનુભૂતિનો ફાયદો મેળવી શકાશે. ત્યારે ભાજપ આ બેઠક પર જોરદાર લડત આપવાના મૂડમાં છે. અને એજ કારણસર પૂર્વ સીએમને મેદાનમાં ઉતારવાની યોજના બનાવવામાં આવી રહી છે. અશોક ચવ્હાણ ઉપરાંત પૂર્વ સાંસદ પ્રતાપ પાટીલ ચિખલીકરનું નામ પણ ચર્ચામાં છે. જો કે, હાલમાં સૌની નજર ભાજપના ઉમેદવાર પર મંડાયેલી છે, કે આખરે કોને તક આપવામાં આવશે.

### સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચ ભાજપની બી, સી અને ડી ટીમ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।
મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને હવે માત્ર એક મહિનો બાકી છે. આ દરમિયાન શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ પર પક્ષપાતી હોવાનો આરોપ લગાવ્યો છે. સંજય રાઉતે કહ્યું કે, ચૂંટણી પંચે ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણયો આપ્યા છે. અને અમને લાગે છે કે આ નિર્ણયો MVAના હિતમાં ન હોતા અને તેની વિરુદ્ધ હતા. જેના કારણે શિંદે અને ભારતીય જનતા પક્ષને મદદ મળશે. ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ નિષ્પક્ષ નથી. તે ભાજપના બી, સી, ડી ટીમ છે. શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે, 'મારા જેવા લોકો જેલમાં ગયા. અને પાછા પણ આવી ગયા. અમે જાણીએ છીએ કે લક્ષ્ય કોણ છે. અને ભાજપ શું કરશે. આ ભાજપની બિશ્નોઈ ગેંગ છે. તેમના હાથમાં હથિયારો ભલે ન હોય, પરંતુ તેમની પાસે CBI અને ED છે. તેઓ આનો ઉપયોગ અમારા પર હુમલો કરવા માટે કરી રહ્યા છે. આ પછી પણ અમે મજબૂતાઈથી ઊભા છીએ.' વધુમાં તેમણે કહ્યું હતું કે, 'સમય પસાર થઈ રહ્યો છે. અને મને લાગે છે કે મહારાષ્ટ્રના કોંગ્રેસના નેતાઓ ઝડપથી નિર્ણય લઈ શકતા નથી.

### બેંગલુરુ ટેસ્ટમાં મુશ્કેલીમાં ટીમ ઈન્ડીયા

# ન્યુઝીલેન્ડે પ્રથમ દાવમાં ૩૫૬ રનની લીડ લીધી

### યૂઝીલેન્ડે ભારત સામે પ્રથમ દાવમાં ૪૦૨ રન બનાવ્યા છે : ત્રીજા દિવસે રચિન રવિન્દ્રએ કરી તોફાની બેટિંગ

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૮ ।
બેંગલુરુ ટેસ્ટમાં ન્યુઝીલેન્ડે પ્રથમ ઈનિંગમાં ૪૦૨ રનનો વિશાળ સ્કોર બનાવ્યો છે. ભારતનો પ્રથમ દાવ માત્ર ૪૬ રનમાં સમેટાઈ ગયો હતો, તેથી પ્રથમ દાવમાં ન્યૂઝીલેન્ડની કુલ લીડ ૩૫૬ રન થઈ ગઈ હતી. ન્યૂઝીલેન્ડની ટીમનો સૌથી મોટો હીરો રચિન રવિન્દ્ર હતો, જેણે ૧૩૪ રન બનાવીને પોતાની ટેસ્ટ કારકિર્દીની બીજી સદી ફટકારી હતી. તેના સિવાય ટિમ સાઉદી અને ડેવોન કોનવેએ પણ અડધી સદી ફટકારીને મુલાકાતી ટીમ માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.



બેંગલુરુ ટેસ્ટનો પ્રથમ દિવસ વરસાદના કારણે ધોવાઈ ગયો હતો, જેના કારણે ટોસ પણ થઈ શક્યો ન હતો. બીજા દિવસે ટોસ જીત્યા બાદ ભારતે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો જે ભારતીય ટીમ પર ભારે પડ્યો હતો અને સમગ્ર ભારતીય ટીમ ૪૬ રનમાં સમેટાઈ ગઈ હતી અને બીજા દિવસની રમતના અંતે ન્યૂઝીલેન્ડે ૩ વિકેટના નુકશાને ૧૮૦ રન બનાવી લીધા હતા. કિવી ટીમે ત્રીજા દિવસે પોતાનો સ્કોર ૧૮૦/૩ થી આગળ વધાર્યો. દિવસની રમત શરૂ થયાની થોડી ઓવર પછી મોહમ્મદ સિરાજે ડેરીલ મિશેલને આઉટ કર્યો હતો. તે પછી નિયમિત અંતરે વિકેટો પડતી રહી, જેના કારણે ન્યૂઝીલેન્ડનો સ્કોર ૭ વિકેટે ૨૩૩ રન થઈ ગયો. રચિન રવિન્દ્રએ ૧૨૪ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી અને ટિમ સાઉદી સાથે ૧૩૭ રનની શાનદાર ભાગીદારી કરી હતી. રવિન્દ્ર અને સાઉદીએ મળીને ટીમનો સ્કોર ૩૫૦ રનની પાર પહોંચાડ્યો હતો. ત્રીજા દિવસે ટીમ ઈન્ડિયાના બોલરોએ ડેરીલ મિશેલ, ટોમ બ્લંડેલ, મેટ હેનરી અને ગ્લેન ફિલિપ્સની વિકેટ ઝડપી લીધી હતી.

પરંતુ તે પછી છેલ્લી ત્રણ વિકેટ વચ્ચે ૧૬૯ રન થયા હતા. કુલદીપ યાદવે ચોક્કસપણે ત્રણ વિકેટ લીધી હતી, પરંતુ તે પણ ખરાબ રીતે ધોવાયો હતો. તેણે પછી વધુના ઈકોનોમી રેટથી રન આપ્યા. રવિન્દ્ર જાડેજાએ પણ ૩ અને મોહમ્મદ સિરાજ ૨ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. તેના સિવાય જસપ્રીત બુમરાહ અને રવિચંદ્રન અશ્વિને એક-એક વિકેટ લીધી હતી.



## લકઝરી બસ ડ્રાઈવરે એક બાદ એક ૮ વાહનોને ઉડાવ્યા

| (એજન્સી) સુરત, તા.૧૮ |

સુરતમાં વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો છે. સુરતનાં કામરેજ ખાતે ટોલ પ્લાઝા નજીક લકઝરી બસ ચાલક બેફામ રીતે બસ હંકારી ૮ જેટલા વાહનોને અડફેટે લીધા હતા. ટોલ નાકાથી ડ્રાયવર વાહનોને ઉડાડતો કામરેજ સુધી પહોંચ્યો હતો. આ અકસ્માતમાં બે લોકોના મૃત્યુ થયાની આશંકા છે. તેમજ વાહનમાં બેઠેલ લોકોને ગંભર ઈજાઓ થતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસને જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. જો કે, સ્થાનિકો દ્વારા બસના ચાલકને ઝડપી પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## હાઇવે રોડ પર વાહન અથડાવવાના બહાને નાણા પડાવતી ગેંગ સક્રિય

| (એજન્સી) જામનગર, તા.૧૮ |

જામનગર નજીક નવા નાગના ગામના સંખ્યાબંધ રહેવાસીઓ ઉપરાંત જામનગરના ગુલાબ નગર સહિતની આસપાસની સોસાયટી વિસ્તારના ૫૦૦ જેટલા લોકોનું ટોળું આજે જિલ્લા પોલીસવડાની કચેરીએ રેલી સ્વરૂપે પહોંચ્યું હતું, અને હાઈવે રોડ પર વાહન અથડાવવાના બહાને નાણા પડાવતી ગેંગ સામે કાર્યવાહી કરવા ઉગ્ર રજૂઆત કરી છે. કારખાના સહિતના સ્થળોમાં મજૂરી કામ કરીને નવા નાગનાથ આસપાસના વિસ્તારના શ્રમિકો પોતાના વાહનમાં પરત ફરતા હોય છે ત્યારે આ ચોક્કસ ગેંગ તેઓ સાથે પોતાનું વહન અથડાવીને નુકસાનીના પૈસા પેટે મોટી રકમનું વળતર માંગે છે, અને સ્થળ ઉપર જે કંઈ રકમ હોય ખિસ્સા માંથી કઢાવી લે છે. અન્યથા પાછળ પાછળ તેમના ઘર સુધી જઈને ધાક ધમકી આપી પૈસા પડાવે છે. માત્ર નવા નાગના ગામમાં તાજેતરમાં સાત બનાવ બન્યા છે. ઉપરાંત અન્ય સોસાયટી વિસ્તારમાં પણ અનેક બનાવો બન્યા છે, અને બે-ત્રણ હજારથી લઈને ૩૫,૦૦૦ સુધીની રકમ પડાવી લેવાના કિસ્સા બન્યા છે. જે ચોક્કસ ગેંગ સામે કાર્યવાહી કરવા બાબતે જિલ્લા પોલીસવડા સમક્ષ રજૂઆત કરાઈ છે.

## પંચમહાલમાં શહેરા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં આગ લાગી



પંચમહાલમાં શહેરા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જપ્ત કરાયેલા વાહનોમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગની ઘટનાને પગલે શહેરા પાલિકાના ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયત્નો હાથ ધરાયા હતાં.

### મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

## સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક ગૌધામનું ઉદ્‌ઘાટન

### સ્વામિનારાયણ સંપ્રદાય હમેંશા શિસ્ત અને સ્વચ્છતા અને શિક્ષણનો આગ્રહી રહ્યો છે : કેન્દ્રીય જળશક્તિ મંત્રી

| નવસારી, તા.૧૮ |

કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક ગૌધામનું ઉદ્ઘાટન તેમજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ નવાગામ, નવસારી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સી.આર. પાટીલે સંબોધન કરતા જણાવ્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાય હમેંશા શિસ્ત અને સ્વચ્છતા અને શિક્ષણનો આગ્રહી રહ્યો છે. આ સંસ્થા સૌરાષ્ટ્રમાં ઘણા વર્ષોથી દિવસના એક રૂપિયાના ખર્ચે બાળકોને શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી છે તેનો અર્થ એ છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સેવાકીય ભાવ સાથે કામ કરતા હોય છે. આજ દિન સુધી ૧ લાખ ૯૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ સંસ્થા થકી શિક્ષણ મેળવ્યુ છે. વિશ્વમાં કોઈ પણ મોટી સંસ્થાનો આવો રેકોર્ડ નહી હોય તેવો રેકોર્ડ અંહી સ્થાપવામાં આવ્યો છે. આ સંસ્થામાં બાળકોને શિક્ષણ જ નહી પણ સંસ્કારનું સિંચન થાય તેનું ધ્યાન રાખવામા આવે છે. જે વાલીઓ પોતાના બાળકોને સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ અર્થે મુકે છે ત્યારે તેઓ નિશ્ચિત થાય છે કે તેમના બાળકો શિક્ષણ સાથે સંસ્કારીતાના ગુણ મેળવી એક સારો નાગરીક બની પરિવાર, ગામ અને દેશ માટે સારુ કામ કરી શકશે તેવી આશા રાખતા હોય છે. વધુમાં પાટીલે જણાવ્યું કે, ગૌ શાળા અને મંદિરનું નિર્માણ સંતો દ્વારા ખૂબ ટુંકા સમયમાં તૈયાર કરવામાં આવ્યુ છે અને આ મંદિર નિર્માણ અંગે વિકસીત દેશોના આર્કિટેક કે એન્જિનયર આવે તો તેમને માનવામાં ન આવે તે રીતે ઝડપી મંદિર તૈયાર કરાવ્યુ છે.

### ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપો દોડાવાશે

## દિવાળીને ધ્યાનમાં રાખતા એસટી દ્વારા એક્સ્ટ્રા ટ્રીપો દોડાવાશે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૮ |

શહેરી તેમજ છેવાડાના નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સુવિધા ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને મક્કમ નેતૃત્વના લીધે આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર રાજ્ય બન્યું છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકાર માર્ગ પરિવહન ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી મુસાફરોની સુવિધામાં વધારો કરવાનો નિરંતર પ્રયાસ કરી રહી છે. આગામી દિવાળીના તહેવારોમાં ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને એસ.ટીની સલામત અને સમયબદ્ધ સવારીનો લાભ મળશે તેમ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો, ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવાની બસ સેવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને નોકરી વ્યવસાય કરનારા નાગરીકો પોતાના પરિવાર સાથે તહેવારની ઉજવણી માદરે વતનમાં કરી શકે તે માટે ખાસ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ચાલુ વર્ષના આયોજનમાં માત્ર સુરત ખાતેથી ૨૨૦૦ બસો, દક્ષિણ મધ્ય ગુજરાત માંથી ૨૯૦૦, સૌરાષ્ટ્ર કચ્છમાંથી ૨૧૫૦ તેમજ ઉત્તર ગુજરાતમાંથી ૧૦૯૦ મળીને કુલ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના થકી રાજ્યના ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ બસોની સેવાઓનો લાભ મળશે. દિવાળીના એક્સ્ટ્રા સંચાલનના આયોજનને ખુબ જ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ગત માસ કરતા હાલમાં તહેવારોના પરિણામે થઇ રહેલ દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૮%નો વધારો જોવા મળી રહ્યો છે.

## વડોદરામાં પરપ્રાંતીય ચોરોની મોટી ફોજ ઉતરી આવી હોવાની અફવા

| વડોદરા, તા.૧૮ |

વડોદરામાં પરપ્રાંતીય ચોરોની મોટી ફોજ ઉતરી આવી હોવાની અફવા ફેલાતાં વડોદરાની આસપાસના ગામોમાં લોકોએ મારક હથિયારો સાથે જાગરણ શરૂ કર્યું છે.જેને કારણે પોલીસ ગામેગામ દોડી જઈને મીટિંગો કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી ચોર ટોળકી ઉતરી આવી હોવાના મેસેજો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ મેસેજોમાં એમ પણ લખવામાં આવ્યું છે કે,એક જગ્યાએ પકડાયેલા ચોરે તેમની સાથે ૫૦૦૦ ચોર હોવાનું કબૂલ્યું છે. ચોરો દ્વારા ઘાતકી હુમલા કરવામાં આવતા હોવાની પણ વાતો વહેતી થઈ છે. પોલીસે આ પ્રકારની અફવાઓ પર ધ્યાન નહિ આપી કંટ્રોલરૂમનો સંપર્ક સાધવા અપીલ કરી છે.

### બ્રેસ્ટ કેન્સર સંદર્ભે મહિલાઓના પ્રશ્નો મૂંઝવણો ના જવાબ આપવામાં આવશે

## સિવિલ મેડિસીટીની GCRI ખાતે ૧૯ ઓક્ટોબરે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ સંદર્ભે "લોક દરબાર" નું આયોજન કરવામાં આવશે

| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદ સિવિલ મેડિસિટીની ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પણ આ સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન કરાયું છે. જેના ભાગરૂપે આવતીકાલે તારીખ ૧૯ ઓક્ટોબરના રોજ GCRI ખાતે લોક દરબારનું આયોજન કરાયું છે. જેમાં બ્રેસ્ટ કેન્સર સંદર્ભે મહિલાઓની ચિંતા, મૂંઝવણો અને તેમના પ્રશ્નોના જવાબ નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવશે. આ સંદર્ભે GCRIના ડાયરેક્ટર શ્રી શશાંક પંડ્યા એ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ઓક્ટોબર મહિનામાં કેન્સર જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૮૫ થી વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વભરમાં સ્તન કેન્સરના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. તે આપણા બધા માટે ખૂબ જ ચિંતાની વાત છે . વર્ષ ૨૦૨૨માં વિશ્વભરમાં બ્રેસ્ટ કેન્સરના ૨૨,૯૬,૮૪૦ કેસો નોંધાયા હતા .ભારત દેશમાં જો વાત કરીએ તો ૨,૧૬,૧૦૮ અને ગુજરાતમાં ૧૧,૨૦૯ કેસ નોંધાયા હતા. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, બ્રેસ્ટ કેન્સરના કારણે મહિલાઓના મૃત્યુદરમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

સમગ્ર ગુજરાતમાં રાજ્યમાં કેન્સરના નિદાન માટે રાજ્ય સરકાર તથા ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે સંજીવની રથ સ્ક્રિનિંગ વાન શરૂ કરવામાં આવી છે અને આ રથ સમગ્ર ગુજરાતમાં રાજ્યની ગરીબ મધ્યમ અને કોઈ પણ વર્ગની જનતાના સરળતાથી અને વિનામૂલ્ય કેન્સરના નિદાન માટે વિવિધ સ્થળોએ જાય છે.સરકાર દ્વારા બ્રેસ્ટ કેન્સરના ઈલાજ માટે પીડિતો માટે GCRI ઈન્સ્ટિટયૂટમાં સ્પેશિયલ ઓપીડી ચાલુ કરવામાં આવી છે. અને આ ઓપેડીમાં દરરોજના ૬૦ ૭૦ લાભાર્થીઓ રજીસ્ટર થાય છે અને કેન્સર સ્ક્રિનિંગનું નિશુલ્ક દર્દીઓને લાભ આપવામાં આવે છે. સંજીવની સ્ક્રિનિંગ વાન વિશે વાત કરતા ડૉ શશાંક પંડ્યા એ જણાવ્યું કે, ભારતમાં આધુનિક ટેકનોલોજીથી સજ મશીનો તથા સંસ્થાના અનુભવી ડોક્ટરો દ્વારા સ્ત્રી તથા પુરુષ વર્ગમાં થતા કેન્સરની તપાસ કરવામાં આવે છે. જેમ કે સ્તન કેન્સર માટે મેમોગ્રાફી ગર્ભાશયના મુખ માટે ટેસ્ટ તથા મોઢાના કેન્સર માટે મોઢાની કેન્સર નિષ્ણાંત તબિયત દ્વારા તપાસ કરવામાં આવે છે.

## ગુજરાતના દરિયા કાંઠે ડોલ્ફિનની વસ્તી ૬૮૦ નોંધાઇ

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ |

ગુજરાતના દરિયા કાંઠે ડોલ્ફિનની વસ્તી ૬૮૦ નોંધાઈ છે. ગુજરાતના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી ગણતરી અનુસાર રાજ્યમાં ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધવામાં આવી છે. જેમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફીન ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક એન્ડ મરીન સેન્ચુરીના વિસ્તારમાં હોવાની સંભાવના છે. અન્ય વિસ્તારોની વાત કરીએ તો, કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરમાં ૧૦ તેમજ મોરબીના દરિયાકાંઠાના ક્ષેત્રોમાં ૪ ડોલ્ફિન જોવા મળી છે.આ ડોલ્ફિન દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું નવું કેન્દ્ર બની છે. વન વિભાગ અને વિવિધ સંસ્થાઓ દ્વારા હાથ ધરાયેલી આ ગણતરી વૈજ્ઞાનિકો, નિરીક્ષકો, ક્ષેત્ર સહાયકો સહિત ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા.

### ૬૦ થી ૭૦ ટકા નુકશાન પરોક્ષ રીતે ખેડૂતોએ ભોગવવાનો વારો આવ્યો

## અતિવૃષ્ટિમાં બળી ગયેલા પાક સાથે દ્વારકા જિલ્લાના ખેડૂતોએ કલેકટરને આવેદન આપ્યું

### કમોસમી વરસાદથી થયેલી નુકસાનીનો સરવે કરાવી, વળતર ચૂકવવા ખેડૂતોની માગણી

| (એજન્સી) ખંભાળિયા, તા.૧૮ |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસામાં ભારેથી અતિભારે વરસાદ પડ્યો છે. ચોમાસાના ચાર મહિના ખેડૂતોના ખરીફ પાકો પાણીમાં જ ડૂબેલા રહ્યા છે ત્યારે પાકોને વધારે પડતું પાણી મળવાના કારણે પાક બળી જતા ખેડૂતોએ આજે કલેક્ટરને બળી ગયેલા પાક સાથે પહોંચીને વળતર માટે રજુઆત કરી હતી. છેલ્લા ૧૦ વર્ષની સરખામણીએ દર વર્ષે વિધે ૩૦ મણ મગફળી ઉતરતી હોય તો આ વર્ષે તે ૮ થી ૧૦ મણ જ ઉતરશે એટલે કે સીધું ૬૦ થી ૭૦ ટકા નુકશાન પરોક્ષ રીતે ખેડૂતોએ ભોગવવાનો વારો આવ્યો છે, તેવું ખેડૂતો જણાવી રહ્યા છે. આ ઉપરાંત ૧૮ જુલાઈથી ૨૨ જુલાઈ અને ૨૨ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ વચ્ચે જે અતિવૃષ્ટિ થઈ તેણે ખેડૂતોના પાકો તો ધોઈ નાખ્યા છે સાથે સાથે જમીન પણ ધોઈ નાખી છે. દ્વારકા જિલ્લામાં ૩૦ થી ૪૦ ટકા ખેડૂતો એવા છે કે જેણે ત્રણ ત્રણ વખત પાકના વાવેતર કર્યા છે. ચોમાસાની અતિવૃષ્ટિમાંથી જે પાકો માંડ માંડ જીવ બચાવી ઉભા રહ્યા હતા. ખેડૂતોએ તે પાકોમાં અનેક વખત ખાતર પોતર કરી, દવાઓ છાંટી ખૂબ માવજત કરી પાકોને બચાવ્યા અને હવે જ્યારે તેને લણણી કરવાનો સમય આવ્યો, ત્યારે જ કમોસમી વરસાદ થયો. જે ખેડૂતોએ પાક ઉપાડી લીધો હતો, તેનું તો સર્વસ્વ લૂંટાઈ ગયા સમાન છે. ઉપરોક્ત બાબત રજૂ કરી અને ગુજરાતી કિસાન કોંગ્રેસના પાલભાઈ આંબલીયાની આગેવાનીમાં અતિવૃષ્ટિ જેવા વરસાદના કારણે બગડી ગયેલા મગફળીના છોડ સાથે આવેલા ખેડૂતોએ નુકશાન બદલ તેનો સર્વેની કામગીરી ચાલુ કરી વળતર ચુકવવા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

**વિશેષ** મુખ્યમંત્રીએ ગુજરાતે કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેકટરમાં લીડીંગ સ્ટેટ તરીકે મેળવેલી ઉપલબ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ કરી

# કેન્દ્ર સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન






| (માહિતી) ગાંધીનગર |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટરમાં અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, સુદ્રઢ ઔદ્યોગિક અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો કેપિટલ - પેટ્રો હબ બની શક્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૨૩-૨૪ના વર્ષમાં દેશમાંથી કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની કુલ નિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય બન્યુ છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ભારત સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આ દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદના ૧૩માં સંસ્કરણમાં સહભાગી થયા હતા. કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ તથા કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર મંત્રીશ્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યમંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલ તેમજ મધ્યપ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીશ્રીઓ પણ ઈન્ડિયા કેમ-૨૦૨૪માં જોડાયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં લીડીંગ સ્ટેટ તરીકે મેળવેલી ઉપલબ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ આ કોન્ફરન્સમાં કરી હતી. તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી ગુજરાતમાં આકાર પામેલો દહેજ PCPIR વર્લ્ડ ક્લાસ ફેસેલિટીઝ સાથે કેમિકલ્સ-પેટ્રોકિમિકલ્સ ઉદ્યોગો માટે સાનુકૂળ માહોલ સર્જનારો બન્યો છે. એટલું જ નહિ, ડાઈઝ અને ઈન્ટરમિડીયેટ્સના પ્રોડક્શનમાં ગુજરાત ૭૫ ટકા જેટલું યોગદાન આપે છે. તેમજ બેઝિક કેમિકલથી લઈને સ્પેશ્યલાઈઝ્ડ કેમિકલ, પોલીમર, ફર્ટીલાઈઝર, ડાઈઝ અને પિગમેન્ટ્સ જેવા સેક્ટરમાં ગુજરાતે મહારથ હાંસલ કરી છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વર્ષની વાયબ્રન્ટ સમિટમાં કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં પાંચ લાખ ૩૪ હજાર કરોડના રોકાણો સાથેના ૩૨૫૬ પ્રોજેક્ટસ રાજ્યમાં આવ્યા છે. તેમણે વડાપ્રધાનશ્રીના વિઝન "મેઈક ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડ"ના મંત્ર અને પર્યાવરણની જાળવણી સાથે કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ સેક્ટરને આત્મનિર્ભર બનાવવામાં આ ઈન્ડિયા કેમ-૨૦૨૪ સમિટ ઉપયુક્ત બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. આ સમિટમાં ભારત સરકારના કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવશ્રી, વરિષ્ઠ અધિકારીઓ, ફિક્કીના નેશનલ કેમિકલ કમિટીના ચેરમેન શ્રી દિપક મહેતા, ચેરમેન શ્રી પ્રભદાસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શ્રી નિખીલ મેસવાણી સહિત કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્ડસ્ટ્રી સેક્ટરના અગ્રણી ઉદ્યોગકારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને મળી મોટી રાહત

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૮ ।

દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને જામીન મળી ગયા છે. દિલ્હીની રાઉસ એવન્યુ કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં તેમને રાહત આપતાં કહ્યું કે હજુ સુધી ટ્રાયલ સમાપ્ત થવાની કોઈ શક્યતા નથી. તેમને રૂ. ૫૦,૦૦૦ના અંગત બોન્ડ પર જામીન આપવામાં આવ્યા છે. સત્યેન્દ્ર જૈનની મે ૨૦૨૨માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. AAP નેતા જૈનને ગયા વર્ષે મેમાં સ્વાસ્થ્યના કારણોસર જામીન આપવામાં આવ્યા હતા. તે ૧૦ મહિનાથી જામીન પર હતા. જો કે, આ વર્ષે માર્ચમાં, સુપ્રીમ કોર્ટમાં તેમને નિયમિત જામીનની સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જોકે કોર્ટે તેમને આત્મસમર્પણ કરવાનું કહ્યું હતું. તેમણે ૧૮ માર્ચે તિહાર જેલમાં આત્મસમર્પણ કર્યું હતું. દિલ્હીના પૂર્વ મંત્રીને મળેલા જામીન પણ પાર્ટી માટે રાહતનો વિષય છે. આ જામીન એવા સમયે આપવામાં આવ્યા છે જ્યારે દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

## સુપ્રીમ કોર્ટના તમામ કેસોનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે



। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૮ ।

એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા સુપ્રીમ કોર્ટે તમામ કેસોની સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનો નિર્ણય લીધો છે. સુત્રોએ જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતની તમામ બેન્ચના લાઈવ-સ્ટ્રીમિંગની સુવિધા માટે એક એપ પરીક્ષણના અંતિમ તબક્કામાં છે. અગાઉ, અત્યાર સુધી માત્ર બંધારણીય બેંચ સમક્ષના કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ થતું હતું, પરંતુ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની પહેલ પર, તેને તમામ બેંચ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રથમ વખત છે જ્યારે રોજિંદી સુનાવણીનું નિયમિત જીવંત પ્રસારણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કોવિડ રોગચાળા પછી, ૨૦૨૨ માં, સુપ્રીમ કોર્ટે પ્રથમ વખત યુટ્યુબ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બંધારણીય બેંચ હેઠળના કેસોની સુનાવણીના લાઈવ સ્ટ્રીમિંગની વ્યવસ્થા કરી હતી, જે અત્યાર સુધી ચાલુ છે. તે તમામ કોર્ટમાં લંબાવવામાં આવી છે.

## પત્નીને પથારીમાં વીજ કરંટ લગાવી પતિએ લીધો જીવ

। (એજન્સી) જયપુર, તા.૧૮ ।

પતિ-પત્નીનો સાત જન્મનો સંબંધ હોય છે, તો રાજસ્થાનના જયપુરમાં એક એવો કેસ સામે આવ્યો, જેમાં એક મહિલાને તેના પતિએ કરવા ચોથ પહેલા કરંટ લગાવી મારી નાખી. પત્નીથી છુટકારો મેળવ્યા બાદ તેણે પોલીસથી બચવા માટે એવો ખતરનાક પ્લાન બનાવ્યો કે પોલીસને સત્ય બહાર લાવવા માટે ઘણી મહેનત કરવી પડી. જોકે પોલીસની કડકાઈ સામે તેણે સમગ્ર સત્ય કબૂલ્યું હતું. જયપુરના આ ક્રૂર વ્યક્તિએ તેની પત્નીને મારવા માટે પથારીમાં વીજ કરંટ લગાવી દીધો. જ્યાં પત્ની સૂતી હતી ત્યાં તેણે ઓશીકા નીચે વીજ વાયરો જોડીને કરંટ શરૂ કર્યો હતો. મોડી રાત્રે પત્ની સુઈ ગઈ ત્યારે તેને જોરદાર આંચકો લાગ્યો અને ગંભીર રીતે દાઝી ગઈ. જોકે, આ હોવા છતાં તે બચી ગઈ હતી. આ પછી પતિએ વધુ ક્રૂરતા દાખવી પત્નીને બાથરૂમમાં લઈ જઈને એક પછી એક જોરદાર ઈલેક્ટ્રીક આંચકા આપ્યા. આ તેમના મૃત્યુનું કારણ હતું. રૂવાંટા ઉભા કરી દેતો આ મામલો જયપુરના બિંદાયકા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. તાજેતરમાં અહીં વૈશાલી ઉત્સર એસ્ટેટ સોસાયટી નિવાસી પૂર્વ ટીચર આરતી ગુપ્તાની હત્યા થઈ છે. આરતીનો પતિ સુનીલ કુમાર મૂળરૂપથી બિહારનો નિવાસી હતો. તે ઈલેક્ટ્રિશિયન હતો. લગભગ ૪-૫ દિવસ પહેલા તેણે કરંટથી પત્નીની હત્યા કરી.



નવી દિલ્હીમાં દિલ્હી હાટ, INA ખાતે મધ્યમ ઉદ્યોગોના કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમયે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી.

### બાળ લગ્ન મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ભારે નારાજગી

# પર્સનલ લો દ્વારા બાળ લગ્ન નિષેધ અધિનિયમને અટકાવી શકાય નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા ૧૮ ।



દેશમાં થઈ રહેલા બાળ લગ્ન મુદ્દે સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, 'પર્સનલ લો દ્વારા બાળ લગ્ન નિષેધ અધિનિયમને અટકાવી શકાય નહીં. બાળકો સાથે સંબંધિત લગ્ન એ પોતાની પસંદગીનો જીવનસાથી પસંદ કરવાની સ્વતંત્ર ઈચ્છાનું ઉલ્લંઘન છે. આનાથી તેમની પસંદગીના જીવનસાથી પસંદ કરવાનો વિકલ્પ ખતમ થઈ જાય છે.' દેશમાં બાળ લગ્નમાં વધારો થવાનો આક્ષેપ કરતી પીઆઈએલ પર ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે બાળ લગ્ન નિવારણ અંગેના કાયદાના અસરકારક અમલીકરણ માટે ઘણી માર્ગદર્શિકા બહાર પાડી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડિવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બેન્ચે દેશમાં બાળ લગ્ન નિવારણ કાયદાના અસરકારક અમલીકરણ માટે આ માર્ગદર્શિકા બહાર પડી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે જણાવ્યું હતું કે, 'પર્સનલ લો દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક કાયદાને ખલેલ પહોંચાડી શકાતી નથી. કોર્ટની માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે આવા લગ્નો સગીરોના જીવનસાથી પસંદગી કરવાની સ્વતંત્ર ઈચ્છાનું ઉલ્લંઘન છે. સત્તાવાળાઓએ બાળ લગ્ન અટકાવવા અને સગીરોના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને અંતિમ ઉપાય તરીકે અપરાધીઓને સજા કરવી જોઈએ.' સુપ્રીમ કોર્ટના જણાવ્યં અનુસાર, બાળ લગ્ન પ્રતિબંધ કાયદામાં કેટલીક ખામીઓ છે.

### પદભાર સંભાળ્યા બાદ ઓમર અબ્દુલ્લા એક્શનમાં

# જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા એક ઠરાવ પસાર કર્યો

### ઓમર અબ્દુલ્લા વડાપ્રધાન મોદી સાથે કરી શકે છે મુલાકાત



। (એજન્સી) જમ્મુ, તા.૧૮ ।

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના પ્રથમ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહએ કાર્યભાર સંભાળી લીધો છે. ઓમર અબ્દુલ્લાહએ તેમની પહેલી કેબિનેટ બેઠક યોજી હતી. જો કે, ઓમર અબ્દુલ્લાહએ તેમની આ પહેલી કેબિનેટ બેઠકમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા સામે નિંદા પ્રસ્તાવ પસાર ન કરવા પર ઓમર અબ્દુલ્લાહ વિરોધીઓ નિશાના પર આવી ગયા છે. ઓમર અબ્દુલ્લાહએ મુખ્યમંત્રીનો તરીકેનો ચાર્જ કાર્યભાર સંભાળ્યા પછી તેમની પહેલી કેબિનેટ બેઠકમાં જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે એક ઠરાવ પસાર કર્યો છે. તેમણે બેઠકમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા સામે કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. જો કે, રાજ્ય સરકારે કેબિનેટ બેઠક અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર બેઠકમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ જ લાવવામાં આવ્યો હતો. અને ઓમર અબ્દુલ્લાહ ટૂંક સમયમાં નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળશે અને તેમને આ પ્રસ્તાવ વિશે માહિતી આપતાં તેઓ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા પર આગ્રહ કરશે. તો અહીં પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ ગની લોન અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના યુવા વિંગના નેતા વહીદ ઉર રહેમાન પરાએ ઓમર અબ્દુલ્લાહ (CM ઓમર અબ્દુલ્લાહ) ની ટીકા કરતાં કહ્યું કે, કેબિનેટે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે, ૫ ઓગસ્ટ, ૨૦૧૯ની કેન્દ્ર સરકારે યોગ્ય ઠેરવવામાં આવ્યું છે. પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ ગની લોને કહ્યું કે, કેબિનેટની બેઠકમાં ગુપ્ત રીતે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે, આ વિધાનસભામાં લાવવામાં આવવો જોઈતો હતો. કલમ ૩૭૦ નાબૂદ કરવા સામે કેબિનેટમાં કોઈ ચર્ચા થઈ નથી. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના પ્રથમ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહએ કાર્યભાર સંભાળી લીધો છે. ઓમર અબ્દુલ્લાહએ આજે શુક્રવારે તેમની પહેલી કેબિનેટ બેઠક યોજી હતી.ઉલ્લેખનીય છે કે, ઓમર અબ્દુલ્લાહ બીજી વખત જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી બન્યા છે, પરંતુ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના પ્રથમ મુખ્યમંત્રી બન્યા છે. પહેલા જ્યારે ઓમર અબ્દુલ્લાહ મુખ્યમંત્રી બન્યા હતા, એ સમયના અને અત્યારના સંજોગો ખૂબ જ અલગ છે. ઓમર અબ્દુલ્લાહ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી બની ગયા છે, પરંતુ કોઈપણ મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેતા પહેલા ઉપરાજ્યપાલની મંજૂરી લેવી જરૂરી છે.




નવી દિલ્હીમાં ડેર ટુ ડ્રીમ ૫.૦ ઈનોવેશન કોન્ટેસ્ટના લોન્ચિંગ સમયે કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા દીપ પ્રગટાવામાં આવ્યો.

### કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીના ભાઈ અને બહેન અને ભત્રીજા વિરુદ્ધ FIR

## ભાજપની ટિકિટ આપવાનું વચન આપી છેતરપિંડી કરી

। (એજન્સી) બેંગલુરૂ, તા.૧૮ ।

કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીના પરિવારના ત્રણ સભ્યો વિરુદ્ધ બેંગલુરૂમાં છેતરપિંડીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેમના ભાઈ ગોપાલ જોશી પર એક મહિલાએ લોકસભા ચૂંટણીમાં ભાજપની ટિકિટ આપવાનું વચન આપી છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો છે. બેંગલુરૂમાં બસવેશ્વરનગર પોલીસે ગોપાલ જોશી, તેમના બહેન વિજયલક્ષ્મી જોશી અને પુત્ર અજય જોશી વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. ફરિયાદીની ઓળખ સુનીતા ચૌહાણ તરીકે કરવામાં આવી છે, જે પૂર્વ જેડીએસ ધારાસભ્ય દેવનંદ ચૌહાણની પત્ની છે. તેમણે જણાવ્યું કે ગોપાલ જોશીએ તેને બિજપુર ક્ષેત્રથી ભાજપની ટિકિટ અપાવવાનું વચન આપ્યું હતું, તે માટે મહિલાએ ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. એફઆઈઆરમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે ગોપાલ જોશીએ ટિકિટ માટે પાંચ કરોડ રૂપિયાની માંગ કરી હતી. સુનીતા ચૌહાણે જ્યારે પૈસા પરત કરવા માટે ગોપાલ જોશી પર દબાણ બનાવ્યું તો તેને હુમલાની ધમકી અને જાતિ આધારિત દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો. ૧૭ ઓક્ટોબરે કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીના પરિવારજનો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

### અમેરિકા ઈમિગ્રન્ટ્સને પાછા મોકલી રહ્યું છે

# અમેરિકાએ વધુ એક ડિપોર્ટેશન ફ્લાઈટમાં ૧૦૦થી વધુ ચાઈનીઝ સિટીઝન્સને ડિપોર્ટ કર્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।



૨૦૨૫ અમેરિકામાં ભલે સત્તા પરિવર્તન થાય કે ના થાય પરંતુ હવે ઈલીગલ ઈમિગ્રન્ટ્સ માટે અમેરિકામાં રહેવું કે પછી મેક્સિકો અથવા કેનેડા બોર્ડર ક્રોસ કરીને આવવું જરાય સરળ નહીં હોય. અમેરિકા હાલના દિવસોમાં ન માત્ર બોર્ડર પર અરેસ્ટ થતાં અમુક ઈમિગ્રન્ટ્સને પાછા મોકલી રહ્યું છે પરંતુ જે લોકો ઘણા સમયથી યુએસમાં જ છે તેમનું પણ ડિપોર્ટેશન થઈ રહ્યું છે. એક લેટેસ્ટ ઘટનામાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ મંગળવારે બીજી એક ડિપોર્ટેશન ફ્લાઈટ રવાના કરી હતી જેમાં ચાઈનીઝ ઈમિગ્રન્ટ્સને તેમના દેશ મોકલવામાં આવ્યા હતા. ૨૦૨૪માં અમેરિકાએ આ પહેલા પણ એક ડિપોર્ટેશન ફ્લાઈટ ચાઈના મોકલી હતી જેમાં ૧૦૦થી વધુ લોકોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. જોકે, બીજી ફ્લાઈટમાં કેટલા લોકોને રવાના કરવામાં આવ્યા હતા તેનો કોઈ ચોક્કસ આંકડો DHS દ્વારા જાહેર કરવામાં નથી આવ્યો. જોકે, એવું મનાઈ રહ્યું છે કે આ ફ્લાઈટમાં પણ ૧૦૦થી વધુ લોકોને અમેરિકાની બહાર મોકલવામાં આવ્યા હતા. એક સમયે જે ચાઈનીઝ સિટીઝન્સને ડિપોર્ટ કરવાનો અમેરિકાની કોર્ટ દ્વારા ઓર્ડર થઈ ગયો હોય તેમને પણ અમેરિકા પરત નહોતું મોકલી શકતું કારણકે ચાઈના પોતાના સિટીઝન્સને નહોતું સ્વીકારતું, પરંતુ ૨૦૧૮ બાદ છેક ૨૦૨૪માં બાઈડનના કાર્યકાળમાં અત્યારસુધી બે ડિપોર્ટેશન ફ્લાઈટ્સ ઉડી ચૂકી છે અને આવનારા દિવસોમાં બીજી ફ્લાઈટ્સ પણ ઓપરેટ થઈ શકે છે. અમેરિકાનું પ્રેસિડેન્શિયલ ઈલેક્શન લડી રહેલા રિપબ્લિકન કેન્ડિડેટ ડોનાલ્ડ ટ્રમ્પ માસ ડિપોર્ટેશનની વાતો કરી રહ્યા છે, પરંતુ ટ્રમ્પે પોતાની પહેલી ટર્મમાં જેટલા ઈલીગલી ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કર્યા હતા તેનાથી વધારે ડિપોર્ટેશન બાઈડનના કાર્યકાળમાં થયું છે. બાઈડન સરકારે જૂન ૨૦૨૪માં ઈલીગલી અમેરિકા આવતા લોકોને અસાયલમ આપવાની શરતો કડક બનાવવાની સાથે ડિપોર્ટેશનની પ્રક્રિયા પણ ઝડપી બનાવી હતી જેના ભાગરૂપે જુલાઈમાં ૧૧૬ ચાઈનીઝ ઈમિગ્રન્ટ્સ સાથેની ડિપોર્ટેશન ફ્લાઈટ અમેરિકાથી ચીન ગઈ હતી. અમેરિકાએ હવે પનામાથી પણ ઘણા ઈલીગલ ઈમિગ્રન્ટ્સને તેઓ મેક્સિકો સુધી પહોંચે તે પહેલા જ ડિપોર્ટ કરવાનું શરૂ કર્યું છે.

### મીટિંગ-મીટિંગની રમત ચાલુ

# સ્વાતિ માલિવાલનું પ્રદૂષણને લઈને દિલ્હી સરકાર પર નિશાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।



દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર વધતાં આ મુદ્દે રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. આમ આદમી પાર્ટીના અસંતુષ્ટ નેતા સ્વાતિ માલિવાલે આજે શુક્રવારે દિલ્હી સરકારની તૈયારીઓ પર પ્રશ્ન ઉઠાવ્યા છે. ૨૦ કરોડના ખર્ચે બનેલો સ્મોગ ટાવર કેમ બંધ છે? તેવો પ્રશ્ન તેમણે ઉઠાવ્યો છે. રસ્તાઓ કેમ તૂટેલા છે અને પ્રદૂષણ ફેલાવતી ફેક્ટરીઓ વિરુદ્ધ કેમ કોઈ પગલાં લેવામાં આવતા નથી? આ સાથે તેમણે પરાળ મેલ્ટિંગ સોલ્યુશન અને ફટાકડા પર પ્રતિબંધ અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે કે, આમ આદમી પાર્ટી પોતાના અંગત સમારોહમાં ફટાકડા ફોડતી હતી, પરંતુ હવે જનતા માટે ફટાકડા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સ્વાતિ માલિવાલે લખ્યું કે, "પ્રદૂષણ આવતાની સાથે જ સરકાર તેની ઊંઘમાંથી જાગી જાય છે. "મીટિંગ-મીટિંગ"ની રમત શરૂ થઈ ગઈ છે. મીટિંગ-મીટિંગ કરતાં રહો, પણ એ કહો: વિશ્વમાં પ્રસિદ્ધ થયેલા CPમાં ૨૦ કરોડના ખર્ચે બનેલો સ્મોગ ટાવર કેમ બંધ પડેલો છે? ધૂળનું પ્રદૂષણ ચરમસીમાએ છે, રસ્તાઓ જર્જરિત છે, આટલા લાંબા સમય સુધી રસ્તાઓ કેમ આવી હાલતમાં છોડી દેવામાં આવ્યા છે? રસ્તાઓના યાંત્રિક સફાઈના વચનનું શું થયું? જે પરાળ ઓગળવાના જાદુઈ ઉપાયનો આટલો પ્રચાર કરવામાં આવ્યો, તે હવે ક્યાં ગયો? પ્રદૂષણ ફેલાવતી કેટલી ફેક્ટરીઓ સામે કાર્યવાહી કરવામાં આવી? તમારી અંગત ઉજવણી માટે પુષ્કળ ફટાકડા ફોડો, પરંતુ હવે દિવાળી પર જનતા માટે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ, આગળ જતા લોકોને ઓડ-ઈવનનો સામનો કરવો પડશે, બાંધકામ મજૂરો બેરોજગાર થશે, દિલ્હી ગેસ ચેમ્બર બનશે. દિલ્હીની હવા અને પાણીમાં પ્રદૂષણનું સ્તર ફરી એકવાર અત્યંત જોખમી બની રહ્યું છે. ઘણા વિસ્તારોમાં AQI આંકડો ૩૦૦થી વધુ છે, જ્યારે આદર્શ સ્થિતિમાં તે ૫૦ની નજીક હોવો જોઈએ. સફેદ ઝેરી ફીણ હવે દિલ્હીની હવામાં તેમજ યમુના નદીમાં તરી રહ્યું છે. દિલ્હીમાં ગ્રેપ-૧ લાગુ કરવામાં આવ્યો છે. દિલ્હી સરકાર પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ઉચ્ચ સ્તરીય બેઠકો પણ કરી રહી છે. સરકારનો એવો પણ દાવો છે કે, પ્રદૂષણને કાબૂમાં લેવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. જો કે, આ પગલાં કોઈ અસર છોડી શકતા નથી.

## તંત્રી લેખ...

# જાન્યુઆરીથી સપ્તાહમાં પાંચ-દિવસ-ઓફિસ નીતિ લાગુ કરવા નિર્ણય

**Amazon Web Services (AWS)**ના **CEO** મેટ ગાર્મને જાન્યુઆરીથી શરૂ થતી સપ્તાહમાં પાંચ-દિવસ-ઑફિસ નીતિ લાગુ કરવાના કંપનીના નિર્ણયનો ખુલ્લેઆમ બચાવ કર્યો છે. અહેવાલ મુજબ, સર્વસંમતિથી મળેલી બેઠકમાં, ગર્મને સ્પષ્ટ કર્યું કે જે કર્મચારીઓ પૂર્ણ-સમય ઑફિસમાં પાછા ફરવા માંગતા નથી તેમની પાસે નોકરી છોડવાનો વિકલ્પ છે.

“જો એવા લોકો હોય કે જેઓ તે વાતાવરણમાં સારી રીતે કામ નથી કરી શકતા અથવા કરવા નાથી માંગતા તો કઈ વાંધો નહિ, બીજી પણ ઘણી કંપનીઓ છે,” તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આનો અર્થ નકારાત્મક રીતે ન હતો, પરંતુ એમેઝોન કેવી રીતે સકારાત્મક સહયોગી કાર્ય વાતાવરણ બનાવવા માંગે છે તેનું પ્રતિબિંબ હતું.

ગાર્મને જણાવ્યું હતું કે, કંપનીએ રિમોટ વર્ક સાથે અસરકારક રીતે નવીનતા લાવવા અને સહયોગ કરવા માટે સંઘર્ષ કર્યો છે. તેમણે કહ્યું કે એમેઝોનની અગાઉની નીતિ, જેમાં ઑફિસમાં ત્રણ દિવસ કામ કરવાની જરૂર હતી, તે હેતુ મુજબ કામ કરી રહી નથી. “જ્યારે અમે ખરેખર રસપ્રદ ઉત્પાદનો પર નવીનતા લાવવા માંગીએ છીએ, ત્યારે મેં વ્યક્તિગત રૂપે હાજર રહ્યા વિના તે શક્ય જ નથી.” વર્તમાન ત્રણ દિવસની નીતિએ કર્મચારીઓ માટે એકબીજા સાથે જોડાવું અને સાથે કામ કરવું મુશ્કેલ બનાવ્યું છે, કારણ કે તેઓ ઘણીવાર અલગ-અલગ દિવસોમાં ઓફિસમાં હોય છે.

એમેઝોનના નેતૃત્વ સિદ્ધાંતો, જે કંપનીની કામગીરીને માર્ગદર્શન આપે છે, દૂરસ્થ કાર્ય સેટિંગમાં અમલમાં મૂકવું મુશ્કેલ છે. એમેઝોનના ઘણા કર્મચારીઓ દ્વારા પાંચ-દિવસના કાર્ય સપ્તાહમાં જવાના પગલાની ટીકા કરવામાં આવી છે, જેઓ દલીલ કરે છે કે મુસાફરી એ સમયનો બગાડ છે અને ઑફિસમાંથી કામ કરવાના ફાયદા ડેટા દ્વારા સમર્થિત નથી. કેટલાક કર્મચારીઓ કે જેમણે હાલની ત્રણ-દિવસીય નીતિનું પાલન કર્યું ન હતું તેઓને કહેવામાં આવ્યું હતું અને તેઓ “સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી રહ્યા છે”.

કંપની સિસ્ટમ્સમાં તેમની ઍક્સેસ રદ કરવામાં આવી હતી. એમેઝોનનો ઑફિસ વર્કનો અભિગમ **Google, Meta** અને **Microsoft**જેવી ઘણી અન્ય ટેક કંપનીઓ કરતાં વધુ કડક છે, જેમણે વધુ લવચીક નીતિઓ અપનાવી છે. જેમાં બેથી ત્રણ દિવસના ઑફિસ વર્કની જરૂર છે. ઝઈ એન્ડી જેસીએ ગયા મહિને જાહેરાત કરી હતી કે કંપનીમાં સહયોગ અને નવીનતા સુધારવા માટે પાંચ દિવસના ઑફિસ વર્ક જરૂરી છે. જે કર્મચારીઓને લાગે છે કે તેઓ નવી નીતિ સાથે અનુકૂલન કરી શકતા નથી, ગાર્મનનો સંદેશ સરળ હતોઃ ” ઠીક છે, આસપાસ અન્ય ઘણી કંપનીઓ છે.”



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# જીવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મહત્વ

આપણાં જીવનમાં દરેક ધાર્મિક પુસ્તકો કાંઈક કરવાની પ્રેરણા આપતાં હોય છે. પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતા એ રીતે જીવનમાં મદદરૂપ થાય છે કે જીવનમાં બનતી સારી નરસી સમસ્યાઓનો સામનો કઈ રીતે કરવો, જીવનના આટાપાટામાંથી કઈ રીતે બચવું. ટૂંકમાં ગીતાજી એ જીવનમાં એક ટોનિક સમાન છે. ગીતાજીનું ઉદ્દભવ સ્થાન મહાભારતની યુદ્ધભૂમિ છે. અર્જુન જ્યારે હિંમત હારીને, ગાંડીવ ધનુષ હેઠે મુકીને નિરાશ વદને રથમાં બેસે છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને પોતાના જ્ઞાન થકી, જે ઉપદેશ આપ્યો, એજ આપણો સૌનો પ્યારો ગીતા ગ્રંથ છે. અર્જુનને પોરસ ચઢાવવા, એનો ઉત્સાહ વધારવા, તથા તેનું સાચુ કર્મ, ફરજ, કર્તવ્ય એ વિશે વિસ્તૃત જ્ઞાન અને ઉપદેશ આપવા, ભગવાન શ્રીકૃષ્ણે જે સૂરાવલી વહાવી હતી એજ આપણો પવિત્ર ગ્રંથ ગીતાજી છે. ગીતાજીનું આખુ નામ શ્રીમદ્ ભગવદ્ ગીતા છે, પરંતુ લોકો ટૂંકાણમાં ગીતા કે ગીતાજી તરીકે ઓળખે છે.

માગસર સુદ એકાદશીના દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાજીનું જ્ઞાન રૂપી અમૃત અર્જુનને પિવડાવ્યું હતું, એનો લાભ આજે પણ આપણે સૌ લઈએ છીએ. આ કારણે જ માગસર સુદ એકાદશીને ગીતા જયંતિ તરીકે ઓળખવામાં આવે છે. આપણી હિંદુ સંસ્કૃતિમાં તથા વિશ્વના અન્ય દેશોમાં ધણાં બધાં ધર્મગ્રથોની રચના થયેલી છે, અરે વેદો ,પુરાણો તેમજ ઉપનિષદોની રચના થયેલી છે, પરંતુ જન્મ જયંતિ તો ગીતાજીની જ ઊજવવામાં આવે છે અને આના ઉપરથી આપણને ગીતાજીનું મૂલ્ય તથા મહત્વ શું છે તે સમજી શકાય છે. આપણાં અન્ય ગ્રંથોની રચનાઓ તો ઋષિ મુનિઓ, જ્ઞાની વ્યક્તિઓ, કે ધર્મગુરૂઓએ કરેલી છે, જ્યારે ગીતાજી તો સ્વયં ભગવાન શ્રી કૃષ્ણના મુખારવિંદમાંથી પ્રગટ થયેલ છે.

મૂળ તો ગીતાજી એ મહાભારતનો એક ભાગ જ છે. કહેવાય છે કે યુદ્ધભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણએ ૭૦૦ અર્થસભર શ્લોકોનો પાર્થને ઉપદેશ આપ્યો હતો, તે મહર્ષિ વેદવ્યાસજીએ પોતાની આગવી સૂઝબૂઝ તથા આવડતથી અલગ તારવીને, આપણને ગીતાજી નામના પવિત્ર અને પાવન ગ્રંથની ભેટ આપી અને એનું નામકરણ શ્રીમદ્ ભગવદ્ ગીતા રાખવામાં આવ્યું. બીજા ગ્રંથોની માફક ગીતાજીએ કાંઈ વાંચવાનો પૂજા કરવાનો ગ્રંથ નથી, પરંતુ એના તમામે તમામ શ્લોકોને સમઝી વિચારીને પોતાના દૈનિક જીવનમાં ઉતારવાનો છે. ગીતાજી વિશે તો જેટલું લખીએ એટલું ઓછું પડે એમ છે. જેમ સાગરનો કોઈ તાગ નથી એવી રીતે ગીતાજીનો પણ કોઈ તાગ નથી.

જ્યાં જ્યાં સુધી માનવજાતની હસ્તિ છે, ત્યાં ત્યાં સુધી ગીતાજીના ગુણગાન ગવાતા રહેશે અને ગીતા જયંતિની ઉજવણી થતી રહેશે.

**હે નિષાદા, તમારી જાતને સ્થાપિત ન કરો, કારણ કે તમે શાશ્વત સમાન છો. કે તમે વાસનાથી ભ્રમિત ક્રૌંચની જોડીમાંથી એકની હત્યા કરી**

# આદિકવિ વાલ્મિકી અને આદિકવિ નરસિંહ મહેતાની સ્મૃતિને જીવંત રાખવા શું કરીશું?



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વાલ્મિકી ઋષિ કે જેને મહર્ષિની ઉપાધિ પ્રાપ્ત થઈ છે, અને એનાં જન્મ વિશે આજે પણ મતમતાંતર ચાલે છે, પરંતુ આદિકવિ વાલ્મિકી રામાયણના પ્રથમ રચયિતા છે, અને કહેવાય છે કે રામાવતારના ૬૦ વર્ષ પૂર્વે તેમણે આ રામાયણની રચના કરી હતી, મહાન ભારતીય મહાકાવ્ય રામાયણના લેખક, વાલ્મિકી ઋષિ પ્રથમ સહસ્ત્રાબ્દીની શરૂઆતની આસપાસ જીવતા હતા.**

હમણાં જ શરદ પૂર્ણિમા હતી, અને આપણે ત્યાં આ પર્વ બે ઋષિઓની કે આદિકવિની યાદ અપાવે છે. એક તો આદિકવિ વાલ્મિકી, અને બીજા નરસિંહ મહેતા. આજ સુધી નરસિંહને કોઈએ આદિકવિ કહ્યાં, કોઈએ ભગત કહ્યાં, તો કોઈએ વેદાંતી પણ કહ્યાં, પરંતુ ઋષિ કદાચ કોઈએ નહીં કહ્યા હોય! ઋષિ એટલે મંત્ર દ્રષ્ટા એવું કહ્યું છે! અને મંત્રનો એક અર્થ વિચાર થાય! પરબ્રહ્મ કહો, બ્રહ્મ કહો, ઈશ્વર કહો, પરમાત્મા કહો, પણ એને વિશે સીધાસાદા શબ્દોમાં અને સાવ અભણને પણ સમજાવી શકે, એવી વેદવેદાંત કે ઈશ્વરની વ્યાખ્યા નરસિંહે પોતાના પદમાં કરી છે! જેમકે જાગને જાદવા, જે ગમે જગત ગુરુ દેવ જગદીશને, ભૂતળ ભક્તિ પદારથ મોટું, આખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ!: નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો! પ્રેમરસ પાને તું મોરનાં પિચ્છધર તત્વનું ટૂપણું તુચ્છ લાગે! આમ જેણે ઘર ઘરમાં ઈશ્વરને રમતો કર્યો એ નાગર નરસિંહને ઋષિ કહેવામાં મને કોઈ આપત્તિ નથી. વાલ્મિકી ઋષિ કે જેને મહર્ષિની ઉપાધિ પ્રાપ્ત થઈ છે, અને એનાં જન્મ વિશે આજે પણ મતમતાંતર ચાલે છે. પરંતુ આદિકવિ વાલ્મિકી રામાયણના પ્રથમ રચયિતા છે, અને કહેવાય છે કે રામાવતારના ૬૦ વર્ષ પૂર્વે તેમણે આ રામાયણની રચના કરી હતી. મહાન ભારતીય મહાકાવ્ય રામાયણના લેખક, વાલ્મિકી ઋષિ પ્રથમ સહસ્ત્રાબ્દીની શરૂઆતની આસપાસ જીવતા હતા. તેમને ‘હિંદુ’ શ્લોકના મૂળ નિર્માતા ‘આદિકવિ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. એમણે જ અનુષ્ટુપ છંદની રચના કરી હતી, અને એમને કારણે જ શ્લોક સ્વરૂપ રામાયણ, મહાભારત, પુરાણો અને અન્ય કૃતિઓ જેવા મહાન મહાકાવ્યો બનેલા છે. પ્રચેતા નામના બ્રાહ્મણને ત્યાં આસો સુદ પૂનમના દિવસે તેમનો જન્મ થયો હતો, અને તેનું નામ રત્નાકર રાખવામાં આવે છે, આ ઉપરાંત તે પોતાના પિતાના નામ પ્રમાણે પ્રાચેતસ નામથી પણ ઓળખાય છે. તેના માતા-પિતા તપ કરવા જંગલમાં જાય ત્યારે પોતાના બાળકને જંગલમાં જ છોડી દે છે. એક ભીલ દંપતી તેને ધનુર્વિદ્યામાં પારંગત બનાવીને આગળ ઉપર પોતાની કમાણી માટેનું સાધન બનાવે છે. આમ એક બ્રાહ્મણનું સંતાન અયોગ્ય ઉછેરને કારણે વાલીયા નામનો લુટારો બને છે, જે અરણ્યમાં આવતા લોકોને બાણ મારીને લૂંટીને તેનું ઘર પરિવાર ચલાવે છે. એકવાર અરણ્યમાં નરેડા નામના મહર્ષિ આવે છે, અને વાલિયા લૂંટારાને પાપ કર્મથી બચાવે છે. વાલિયો મહર્ષિને કહે છે તમે મોહ માયાથી અંધ બનેલી આંખો ખોલી નાખી, હવે હું આવુ પાપ કર્મ નહિ કરું, અને ભગવાનનુ તપ કરીશ. મહર્ષિ જતા જ વાલીઓ લૂંટારો એ સ્થાન પર બેસી જાય છે. અન્ન જળ ત્યાગીને ભગવાનનું તપ કરવા લાગે છે, અને તેની પર રાફડો જામતો જાય છે. રાફડાને સંસ્કૃતમાં વાલ્મિક કહેવામાં આવે છે, માટે ત્યારથી તેનું નામ વાલ્મીકિ પડે છે. તેમણે ત્યાર બાદ તમસા નદીને કિનારે પોતાનો આશ્રમ બનાવ્યો,અને ભારદ્વાજ ઋષિ તેમના મુખ્ય શિષ્ય હતા. એકવાર નદીમાં સ્નાન કરવા જતાં સમયે સામેના ઝાડ પર કૌચ નામના પક્ષી યુગલનો નર કામાસક્ત બન્યો, ત્યાં જ એક પારધિએ તેને બાણ માર્યું, અને તે મૃત્યુ પામે છે, આથી તેનું સાથી દુખી થઈને વિલાપ કરે છે, જે જોઈને વાલ્મીકિ ઋષિના મોઢામાંથી કરુણતાને કારણે એક શ્લોક સરી પડ્યો. હે નિષાદા, તમારી જાતને સ્થાપિત ન કરો, કારણ કે તમે શાશ્વત સમાન છો. કે તમે વાસનાથી ભ્રમિત ક્રૌંચની જોડીમાંથી એકની હત્યા કરી, આમ અનુષ્ટુપ છંદની રચના થઈ, ઋષિને પોતે ઋષિ હોવા છતાં આમ પારધિને શ્રાપ આપી દીધાની વેદના પણ થઈ. તેમણે નારદમુનીને પોતાની આ વેદના કહી, અને નારદજી એ આ શ્લોકને જન જન સુધી પહોંચાડવા માટેનો અનુરોધ કર્યો, અને એ રીતે રામાયણના મહાકાવ્યની રચના વાલ્મીકિ ઋષિના હાથે થઈ. નરસિંહ એક આદિકવિ, નરસિંહ ગોપનાથ મહાદેવમાં ભગવાન આશુતોષ ધ્યાન ધર્યું, અને ખૂબ આકરી ત્રણ દિવસની તપશ્ચર્યા કરી ત્યારે ભગવાન પ્રસન્ન થયા, અને તેમણે નરસૈંયાને શ્રીકૃષ્ણ રચિત મહારાસના દર્શન કરાવ્યાં. મહારાસની આપણે ત્યાં એક પરિકલ્પના છે, કે વૃંદાવનમાં ગોપીઓને કાન રાધા સાથે જ રાસ રમે છે, એવી એક સૌથી મોટી ફરિયાદ હતી, અને ભગવાન કૃષ્ણ એક એક કાન્હને એક એક ગોપી એવો મહારાસ રમ્યા હતાં,આ દર્શન જોવા માટે દેવતાઓ પણ વિહ્વળ બનતાં. ભગવાન શંકર પણ ગોપી વેશ ધારણ કરી અને આ મહારાસ જોવા ગયા હતાં, કારણકે સ્ત્રી સિવાય કોઈ પણના પ્રવેશ પર પ્રતિબંધ હતો. નરસિંહ આ મહારાસ જોવામાં એવા તલ્લીન થઇ ગયા કે તેના હાથમાં પકડેલી મસાલાથી તેમનો હાથ પણ સળગી ગયો, છતાં એ તલ્લીનતાનો ભંગ ન થયો. એ દિવસથી નરસિંહના જીવનમાં રાધાકૃષ્ણના એ અમર પ્રેમની પરમ ભક્તિનું બીજ અંકુરિત થયું. નરસિંહની ચેતના વૃંદાવનમાં જ વસી ગઈ, અને શ્યામ સંગ વ્રજવનિતા બની ખૂબ પ્રણય રાગ આલાપ્યો. ભક્ત અને ભગવાન વચ્ચેના અમર તથા પરમ પ્રેમનો સંબંધ અહીં જોવા મળે છે. આજે આપણે કવિતા અને છંદના બંધારણ જાણતા થયાં, પરંતુ નરસિંહની એકોએક રચના મોટેભાગે છંદમાં જોવા મળે છે, અને તેને પ્રેમ લક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. પ્રેમ હોય ત્યાં અછાંદસ એટલે લય વગરનું કંઈ હોય જ નહિ, બધું છંદ એટલે કે સુમેળ લય ભર્યું હોય. નરસિંહની કેટલીયે રચના કે જે આપણને અંતરતમ જગાડવા માટે પર્યાપ્ત છે. આ ઉપરાંત નરસિંહ મહેતાએ શૃંગારના પદ લખી અને લોકને ચકિત કરી દીધું છે, એટલે કે ભક્તિની પરાકાષ્ઠાએ જીવ ઈશ્વરની પ્રિયતમા પણ બની શકે, અને તેની પર અધિકાર પણ જમાવી શકે, તેને પ્રશ્નાર્થ પણ કરી શકે, તેને ફરિયાદ કરી શકે, અને હક જતાવી શકે. મેં પણ માનસ નાગર કથા વખતે નરસિંહને વાંચ્યા, જાણ્યાં ને માણ્યાં ત્યારથી નરસૈયાની નજરથી જ કૃષ્ણને જોયો છે, આલેખ્યો છે, અને થોડોઘણો આત્મસાત પણ કર્યો છે, એ બધી નરસિહની કૃપાનું પરિણામ છે. મહારાસના દર્શન કર્યા પછી નરસૈયાએ નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી, આ રાસની રચના કરી, અને પોતાના મનોભાવનુ આબેહૂબ વર્ણન કર્યું. નથડી એટલે કે તેનું ચિત્ત મહારાસના દર્શન પછી ખોવાઈ ગયું, એવી ભૂમિકા પર આ રાસની રચના થઈ છે. પૂનમનો ચાંદ માનવીય મનને પ્રભાવિત કરનાર છે, કારણકે મન ચંદ્રની કળાઓ સાથે જોડાયેલું હોય છે, અને તેથી જ તેમાં ખુશી અને ઉદાસી એટલે કે ચડતી કળા અને ઉતરતી કળા જેવા ભાવ જોવા મળે છે, સાગર ચંદ્રમાનું પૂર્ણ તેજસ્વી સ્વરૂપ જોઈને ગાન્ડોતૂર થાય છે, અને તેથી પૂનમે ભરતી અને અમાસે ઓટ હોય છે. કામ ભાવની વૃદ્ધિ કરનાર પુનમને દિવસે મન કાબૂમાં રહે, એ માટે જ મહારાસ એટલે કે આત્મા-પરમાત્મા અને પ્રકૃતિ ત્રણેના મિલનનો સંયોગ એટલે કે શરદ પૂર્ણિમાની રાતનો મહારાસ છે, જ્યાં જીવ પ્રકૃતિ સાથે પરમ તત્વમાં તલ્લીન થઇ જાય છે, એટલે કે સ્વયંની જે પ્રકૃતિ હોય તે ભૂલીને કૃષ્ણ તત્વમાં સમાય જાય છે,એ મહારાસ હશે જ એવો કે જ્યાં સૌ કોઈ ભાન ભૂલી જાય, એટલે જ તો નરસૈયો પણ ભાન ભૂલી જાય છે, અને હાથ સળગી જાય છે. સૂક્ષ્મ રીતે આ ઘટનાને જોઈએ તો નરસિંહ મહેતાએ દેહને સળગાવ્યા પછીની મુક્તિની અવસ્થાનો જીવતા આનંદ લીધો, એવું પણ આપણે કહી શકીએ. ગોપી ઓનાં વસ્ત્રો પડતા પણ દેખાડ્યા છે, એટલે કે સ્ત્રી લીંગ ,પુ લીંગની આપણી માનસિકતા એ બધું જ છૂટે તો જ આ મહારાસ એટલે કે જીવન મુક્તિના રાસમાં પ્રવેશ મળે. આપણામાં આવી જાગૃતિ જલ્દી આવે, અને સમયની હવે પછીની એક પણ ક્ષણ બગડે નહીં, એમ આપણે પણ જાગૃત રહીને શરદની ચાંદની એવાં અહેસાસ તળે પરમ પ્રેમમાં વીતાવીને આ શરદપૂર્ણિમાને ઉજવીએ.

**મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખતા નથીઅને પ્રભુચરણનું શરણ લેતા નથી તે મનુષ્ય અતિ શોચનીય છે**

# જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે, ભક્તિ એ કોઇને આધીન નથી, આથી ભક્તિ શ્રેષ્ઠ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓનો શ્રીકૃષ્ણપ્રેમ જોઈ અને ત્યાંનું પ્રભુમય વાતાવરણ જોઈ મનની એવી ઝંખના પ્રગટ કરે છે કે, અહીં તો ગોપીઓ પણ મુકુંદ પદવીને પામેલી છે, એવી આ ગોપીઓની ચરણરજ અહીંની વૃક્ષલતાને મળે છે, વૃક્ષલતાઓનું એ ભાગ્ય જોઈ મને પણ એવી કોઈ વૃક્ષલતારૂપે અહીં જન્મ આપો એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું, વ્રજની ભૂમિનું કેવું અનુપમ સૌભાગ્ય છે!**

નવરાત્રિ દશેરો અને શરદ પૂનમના પંદર દિવસ આસો માસના પુરા થયા છતાં ગરમી બફારાથી રાહત મળતી નથી. હવે શું થશે તેવી માનવ હૃદયની વિહવળતા જોવા મળે છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આ મનુષ્ય શરીર પ્રભુએ અત્યંત કૃપા કરી આપણને આપેલું છે. મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા નથીઅને પ્રભુચરણનું શરણ લેતા નથી તે મનુષ્ય અતિ શોચનીય છે. તેઓ પોતે પોતાની જાતને દગો દઈ રહ્યા છે. અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે, છતાં જે ન કરે તેના જેવો કમનસીબ કોણ?ચલણની રૂપિયા સોનીનોટ ફાટી ગયેલીહોય પણ જો નોટનોનંબર દેખાતો હોય તો નોટને કોઈ ફેંકી દેતું નથી,તેમ આ શરીર નંબર વાળી નોટ છે. એટલે એનું પૂરું મૂલ્ય ઉપજાવી શકાય એમ છે તો શા માટે ન ઉપજાવવું? મનુષ્ય કહે છે કે,હું વ્યવહારુ છું. તો વ્યવહારુ માણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો? બુદ્ધિશાળી માણસ કદી એવું કરે ખરો? આ શરીર પરમાત્માનાં કાર્ય માટે છે. પ્રભુએ કૃપા કરીને તે આપ્યું છે. મદમાં અંધ થયેલા લોકોને કાંઈ ભાન નથી.શરીરનો ઉપયોગ કેવળ ભોગવિલાસમાં કરે તેને બીજા જન્મમાં વૃક્ષ થવું પડે છે. એ ભોગ યોનિ છે. વૃક્ષ એ જડ નથી,તે પાપ યોનિ છે.છ ઋતુના તેને માર સહન કરવા પડે છે. માટે એવી રીતે ભોગ ન ભોગવો કે વૃક્ષ થવું પડે! આ બંને યક્ષો મદથી આંધળા અજિતેન્દ્રિય બન્યા હતા. તેથી હે યક્ષો,તમે વૃક્ષ થઈને પડો! એવો નારદજીએ તેમને શાપ આપ્યો. શ્રાપ સાંભળી નળકુબેર અને મણિગ્રીવને પશ્ચાત્તાપ થયો, દુઃખ થયું. તેઓ નારદજીને શરણે આવ્યા ક્ષમા કરો, ભગવાન ક્ષમા કરો!નારદજીએ કૃપા કરી તેને ગોકુળમાં વક્ષનો અવતાર આપ્યો છે. તેમણે કહ્યું,જાઓ,નંદબાબા ના ઘરના આંગણામાં તમને વૃક્ષ નો અવતાર મળશે.ત્યાં તમને શ્રીકૃષ્ણનાં ચરણનો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે. આ શ્રાપ કહેવાય કે આશીર્વાદ? યોગીઓ પણ વૃંદાવનમાં વૃક્ષ-લતાનો અવતાર માગે છે, ત્યારે આમનેસામેથી વગર માગ્યે મળે છે, નારદજીએ શ્રાપ તો આપ્યો, પણ સંતોનો શ્રાપ કે ક્રોધ હંમેશાં આશીર્વાદરૂપ હોય છે.એટલે તેમને ગોકુળમાં વૃક્ષોનો અવતાર મળ્યો. ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓનો શ્રીકૃષ્ણપ્રેમ જોઈ અને ત્યાંનું પ્રભુમય વાતાવરણ જોઈ મનની એવી ઝંખના પ્રગટ કરે છે કે, અહીં તો ગોપીઓ પણ મુકુંદ પદવીને પામેલી છે. એવી આ ગોપીઓની ચરણરજ અહીંની વૃક્ષલતાને મળે છે. વૃક્ષલતાઓનું એ ભાગ્ય જોઈ મને પણ એવી કોઈ વૃક્ષલતારૂપે અહીં જન્મ આપો એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું. વ્રજની ભૂમિનું કેવું અનુપમ સૌભાગ્ય છે! પ્રભુએ નળકુબેર-મણિગ્રીવ રૂપ તે બે વૃક્ષોનો ઉદ્ધાર કર્યો. નળકુબેર અને મણિગ્રીવે ભગવાનની સ્તુતિ કરી કે,હે ભગવાન! અમે તમારી પાસે એટલું જ માગીએ છીએ કે, અમારી વાણી ફક્ત આપના ગુણા નુવાદ ગાવામાં રચીપચી રહો, અમારા કાન આપની કથા સાંભળવામાં તલ્લીન રહો, અમારા હાથ આપના સેવાકાર્યમાં અને અમારું મન આપનાં ચરણો નું સ્મરણ કરવામાં લીન રહો, અમારું મસ્તક આપના નિવાસ રૂપ જગતને પ્રણામ કરવામાં રત રહો.અમારી દૃષ્ટિ આપનીમૂર્તિરૂપ સંતપુરુષોનું દર્શન કરવામાં તત્પર રહો! આંખ, કાન, હાથ, પગ, વાણી એમ એક એક ઈન્દ્રિયને ભક્તિરસનું દાન કરો તો ઈન્દ્રિયોને શાંતિ મળશે નળકુબેર-મણિગ્રીવ આ સ્તુતિ કરી ગોલોકધામમાં ગયા છે, ગોલોક ધામમાં નિત્ય શ્રીકૃષ્ણ લીલા થાય છે. આજે તેઓ સ્નિગ્ધ અને મધુકંઠ રૂપે ગોલોક માં રોજ શ્રીકૃષ્ણ કીર્તન કરે છે. વૃક્ષ પડવાનો અવાજ ગોપીઓએ સાંભળ્યો. એટલે ગોપીઓ દોડતી ત્યાં આવી છે. આવડા મોટા વૃક્ષ કેવી રીતે પડ્યાં? એટલામાં તેમણે ત્યાં કનૈયાને જોયો. ભગવાનની દયા કે અમારો કનૈયો બચી ગયો. નંદબાબા દોડતા આવ્યા છે. જોયું કે કનૈયો ખાંડણિયા સાથે બંધાયો છે.તરત એમણે એને છોડયો. નંદબાબા કનૈયાને કહે છે, બેટા, તું કોનો દીકરો છે?કનૈયો કહે છે, આજ સુધી માનો હતો, પણ આજથી તમારો દીકરો છું. નંદબાબાને ઈચ્છા હતી કે, એક વખત કનૈયો કહે કે, બાબા, તમારો દીકરો છું. આજે તે ઈચ્છાપૂર્ણ થઈ, નંદબાબાએ યશોદાને ઠપકો આપ્યો આવું કરાતું હશે? લાલાને કેમ બાંધ્યો? યશોદા જવાબ આપે છે,શું કરું?તેને ચોરી કરવાની આદત પડી છે. ચોરીની આદત છોડાવવા મેં એને બાંધ્યો છે. મને કંઈ એના પર રીસ નથી. લાલો તો મારો પ્રાણ છે. પછી લાડ કરી યશોદા લાલાને બોલાવે છે, બેટા, અહીં આવ! પણ કનૈયો જવાબ આપે છે, હું તો બાબાનો દીકરો છું! યશોદા વિચારે છે, ગોપીઓ રડતી હતી, બાળકો રડતાં હતાં, છતાં મેં નિષ્ઠુર થઈ લાલાને બાંધ્યો. મેં લાલાને બાંધ્યો તે યોગ્ય નથી કર્યું. યશોદા લાલાને મનાવે છે, પણ શ્રીકૃષ્ણ જતા નથી. યશોદાજી કહે છે, મારો કનૈયો રિસાયો. લાલો હવે ક્યારે ગોદમાં આવશે. એકદમ એ રડી વડ્યા. રડતાં રડતાં કહે,કદી તને નહીં બાંધું!મારી ભૂલ થઈ લાલા! વૈષ્ણવ રડે છે તે પરમાત્માને સહન થતું નથી. શ્રીકૃષ્ણ પ્રેમ કરે છે તેવો પ્રેમ કોઈ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ માટે જે રડે છે તેને કનૈયો આવીને મળે છે. હસનારને કનૈયો મળતો નથી. યશોદાજી રડવા લાગ્યાં. શ્રીકૃષ્ણથી આ સહન થયું નહીં. કનૈયો દોડતો આવ્યો અને માની ગોદમાં બેઠો. પછી પિતાંબરથી માનાં આંસુ લૂછે છે. માએ પ્યાર કર્યો છે. છોકરો કેવો ડાહ્યો છે! માતાજી લાલાને સમજાવે છે, બેટા, મેં તને બાંધ્યો તે મારી ભૂલ થઈ. બેટા, મેં તને બાંધ્યો તે મનમાં રાખીશ નહીં. તું ભૂલી.જા! કનૈયો માને કહે છે, મા, હું બધું ભૂલીશ પણ તેં મને બાંધ્યો તેનહીં ભૂલું! મા, હું મોટો થઈશ, તો પણ એ નહીં ભૂલું!મા એ ભૂલવા જેવી ચીજ નથી!મા, હું તને છોડીને જઈશ પણ તારો પ્રેમ છોડી નહીં જઈ શકું, એટલે આ તારું પ્રેમ બંધન કનૈયો કદી ભૂલશે નહીં મા,હું કોઈનો નહીં,પણ તારો બંધાયેલો છું. ગોકુળની આ મુખ્ય લીલા છે.જ્ઞાની અને તપસ્વી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે,પણ સ્વાત્માને બાંધવાની શક્તિ જ્ઞાની માં નથી.ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે.જ્ઞાની બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં બ્રહ્મમય થઈ શકે છે પણ અનન્ય ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે.તપ કરતાં,જ્ઞાન કરતાં પ્રેમલક્ષણા ભક્તિ જ શ્રેષ્ઠ છે. જ્ઞાન અને તપ ભગવાનને બાંધી શકે નહીં. જ્ઞાનીઓ, તપસ્વીઓ બ્રહ્મચિંતન કરે છે, પણ પ્રેમલક્ષણા ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. જીવમાત્ર ઉપર પરમાત્મા પ્રેમનો વરસાદ વરસાવે છે, પણ આ જીવ એવો દુષ્ટ છે કે,તે પ્રભુ સાથે પ્રેમ કરતો નથી. પ્રભુમાં પ્રેમ જગાડવા માટે પ્રભુના ઉપકારોનું સ્મરણ કરો. ઠાકોરજીને લીધે હું સુખી છું. પ્રભુની કૃપાથી હું સુખી થયો છું. એવો વારંવાર વિચાર કરશો તો પ્રભુમાં પ્રભુ જાગશે. પરમાત્મા બીજું કાંઈ માગતા નથી માત્ર પ્રેમ માગે છે.પ્રભુ સાથે પ્રેમ કરવો હોય તો બે વાતનું હંમેશાં ધ્યાનમાં રાખજો. પ્રભુ પાસે કાંઈ માગશો નહીં અને પ્રભુએ કરેલા ઉપકારો ભૂલશો નહીં.બીજા કોઈ બળથી જીવ પ્રભુને બાંધી શકે નહીં ફક્ત પ્રેમ દોરીથી બાંધી શકે છે. ભાગવતમાં હાસ્યરસ, શૃંગારરસ, વીરરસ, કરુણરસ વગેરે નવ રસો છે અને દસમો ભક્તિરસ પણ તેમાં છલોછલભર્યો છે. ભક્તિરસ બીજા નવેનવ રસોથી ઉત્તમ છે. કારણકે અન્ય સર્વ રસમાં કડવાશ છે.તુલસીદાસજી કહે છેકે ભક્તિ જ પ્રભુને પીગળાવી શકે છે. ભક્તિને કોઈપણ જાતની અવ લંબનની જરૂર પડતી નથી. તે સ્વતંત્ર છે. જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે,ભક્તિ એ કોઈને આધીન નથી. આથી ભક્તિ શ્રેષ્ઠ છે. આવો છે ભક્તિનો મહિમા. જ્ઞાની ને કાંઈક માયાના આવરણ સાથે બ્રહ્મનાં દર્શન થાય છે. જ્ઞાનીને કીર્તિ વગેરેની પણ ઝંખના થયા કરે છે,જ્યારે ભક્તિને કોઈ વળગણ નથી. ભક્તિ નિરાવરણ છે. અરે, પ્રભુનો એને સાક્ષાત્કાર થાય છે તે યે નિવારણ છે. આવરણ વગરના નિરાવરણ બ્રહ્મ નો સાક્ષાત્કાર એકલી ગોપીઓને જ થયો છે.એટલે કે ભક્તિને થયો છે. અંદરના વિકારો જવા જોઈએ. સાધુ થવાની જરૂર નથી, પણ સરળ થવાની જ જરૂર છે. જીવ નિર્મળ ન થાય, નિર્દોષ ન થાય ત્યાં લગી તેને ઈશ્વરનાં દર્શન થતાં નથી.

વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત આજકાલ વાવ વિધાન સભાની પેટા ચૂંટણી થી ઉત્તર ગુજરાતમાં કુદરતી ગરમી બફારા સાથે રાજકારણ ગરમાયું છે.વાવ ભાભરમાં ભાજપ કોંગ્રેસ આપ ના કાર્યકરો આગેવાનોમાં તાલાવેલી છે કે પાર્ટી કોના માથે કળશ ઢોળશે..? જે મજબૂત દાવેદાર છે તેને ટિકિટ નહી મળે તો કયાં જશે.. શું કરશે સામૂહિક રાજીનામાની વાત સાંભળી ખરી?? સમજાય તો ધન્યવાદ બાકી તો વંદે માતરમ્ ભારત માતા કી જય.. જય શ્રી રામ.. અસ્તુ..

# સલમાનને ફરી મળી ધમકી, સમાધાન માટે ૫ કરોડની માંગણી

## રાજનેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલિવૂડ સુપરસ્ટાર સલમાનની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે, પોલીસે પાણીપતથી આરોપીની કરી ધરપકડ

બોલિવૂડ મેગા-સ્ટાર સલમાન ખાનને પાંચ કરોડ રૂપિયાની માંગણી સાથે ખંડણી-કમ-જાનથી મારી નાખવાની ધમકી મળી છે, જે ભયજનક લૉરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા ગેંગસ્ટર દ્વારા કરવામાં આવી હોવાની શંકા છે, મુંબઈ ટ્રાફિક પોલીસ દ્વારા ખંડણીની ધમકી મળી હતી, જેમાં કથિત રીતે અભિનેતા અને જેલમાં બંધ બિશ્નોઈ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને ઉકેલવા માટે રૂ. પાંચ કરોડની ચૂકવણીના બદલામાં ઓફર કરવામાં આવી હતી. જો કે, તેણે એવી ચેતવણી પણ આપી હતી કે જો ખંડણીની રકમ આપવામાં નહીં આવે, તો ખાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના શાસક સાથી ઉદ્યોગપતિ બાબા ઝિયાઉદ્દીન સિદ્દીક કરતાં પણ ખરાબ ભાગ્યને પહોંચી શકે છે, જેની ૧૨ ઓક્ટોબરે બાંદ્રા પૂર્વમાં નિર્દયતાથી ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. વ્હોટ્સ એપ પર અપશુકનિયાળ સંદેશમાં કહેવામાં આવ્યું છેઃ ''જો સલમાન ખાન જીવતો રહેવા માંગતો હોય અને બિશ્નોઈ સાથેની દુશ્મની ખતમ કરવા માંગતો હોય તો તેણે પાંચ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. આને હળવાશથી ન લો નહીં તો સલમાન ખાનની હાલત બાબા સિદીક કરતાં પણ ખરાબ થઈ જશે. ગયા મહિને એક યુવાન દંપતીએ અભિનેતાના પિતા સલીમ ખાનને ''ફક્ત આનંદ માટે'' ધમકી આપી હતી તે ધ્યાનમાં લેતા, તેને ગંભીરતાથી લેતા, મુંબઈ પોલીસે મોકલનારના પૂર્વજો, ખંડણી-જાનથી મારી નાખવાની ધમકીઓ પાછળનો તેમનો ઈરાદો વગેરેની તપાસ શરૂ કરી છે, પરંતુ વિશાળ અલાર્મ ફેલાવ્યો. કેટલાંક વર્ષોથી, ખાન અને તેના પિતા બિશ્નોઈ ગેંગની ધમકીઓ, અલ્ટિમેટમ્સ, છેડતીની માગણીઓ, બાંદ્રા વેસ્ટમાં ગેલેક્સી એપાર્ટમેન્ટ્સમાં તેમના ઘર પર ગોળીબાર કરવાની ચેતવણી અને તેના નજીકના મિત્ર સિદ્દીકની ગોળીબારનો સામનો કરી રહ્યા છે. ગયા અઠવાડિયે. રસપ્રદ વાત એ છે કે, ખાનના ઘર પર એપ્રિલમાં ગોળીબાર કર્યા પછી, બિશ્નોઈ ગેંગે તેને "અંતિમ ચેતવણી" તરીકે ગણાવી હતી, અને આ વખતે છેડતીની ધમકીએ અભિનેતાને આહવાન કર્યું છે કે તે તેને "હળવાથી" ન લે અથવા સિદ્દીક જેવા પરિણામોનો સામનો કરે. ધમકીઓની શ્રેણી પછી, મુંબઈ પોલીસે ખાન પરિવાર, ગોરેગાંવ ફિલ્મ સિટી અને અન્ય સ્ટુડિયોમાં તેના શૂટ, તેની ઑફિસ, પરિવારનું દેશનું ઘર, પનવેલ (રાયગઢ)માં અર્પિતા ફાર્મ્સ અને અભિનેતાના રસ્તાઓ પર સુરક્ષા વધારી દીધી છે. કામ પર અને ત્યાંથી, ઉચ્ચ તપાસ અને તેના મુલાકાતીઓ પર અન્ય પ્રતિબંધો લે છે. ભારતીય ન્યાય સંહિતા હેઠળ વરલી પોલીસ સ્ટેશનમાં ધમકી અને છેડતીનો કેસ નોંધવામાં આવ્યો છે. રાજનેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની સુરક્ષા પણ ઘણી વધારી દેવામાં આવી છે. કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગે તેના પર હુમલાની જવાબદારી લીધી હતી. હવે સલમાન સાથે જોડાયેલા એક મોટા સમાચાર આવી રહ્યા છે. મુંબઈ પોલીસે સલમાનની હત્યાનું કાવતરું ઘડવા બદલ એક આરોપીની ધરપકડ કરી છે. બુધવારે માહિતી આપતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આરોપીની હરિયાણાના પાણીપતથી ધરપકડ કરવામાં આવી છે અને તેનું નામ સુખા છે. તેને નવી મુંબઈ લાવવામાં આવ્યો છે.



### સલમાનની એક્સ ગર્લફ્રેન્ડે બિશ્નોઇને લખ્યો મેસેજ

સલમાન ખાનની સુરક્ષાનો મામલો એક વખત ફરી ગરમાયો છે. જ્યારથી એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા થઈ છે. આ મર્ડરની પાછળ પણ સલમાન ખાનને ધમકી આપનાર લોરેન્સ બિશ્નોઈ ગેંગનો હાથ જણાવવામાં આવ્યો છે. હવે આ સમગ્ર મામલે સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલી પણ કૂદી પડી છે. તેણે સલમાન ખાનના દુશ્મન લોરેન્સ બિશ્નોઈને ઈનવાઈટ કર્યો છે.

આમ તો સોમી અને સલમાન ખાનનો પણ ૩૬ નો આંકડો રહે છે. તે સતત એક્ટર વિરુદ્ધ બોલતી રહેતી નજર આવી છે. હવે સોમી અલીએ યુએસથી લોરેન્સ બિશ્નોઈને આમંત્રણ મોકલ્યું છે. ગુરુવારે સોમીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ લખી. જ્યાં તેણે લોરેન્સ બિશ્નોઈનો ફોટો પણ શેર કર્યો. તેમણે લખ્યું, 'આ લોરેન્સ બિશ્નોઈ માટે સીધો મેસેજ છે. નમસ્તે લોરેન્સ ભાઈ. સાંભળ્યુ છે અને જોયું પણ છે કે તમે જેલથી પણ ઝૂમ કોલ્સ કરી રહ્યા છો. તો મને તમારી સાથે અમુક વાતો કરવી છે. કૃપા કરીને મને જણાવો આ કેવી રીતે થઈ શકે છે?''આપણી સમગ્ર દુનિયામાં સૌથી સુંદર સ્થળ રાજસ્થાન છે. અમે પૂજા માટે તમારા મંદિર આવવા ઈચ્છીએ છીએ પરંતુ પહેલા તમારી સાથે ઝૂમ કોલ થઈ જાય અને અમુક નક્કી વાતો થઈ જાય પછી. વિશ્વાસ કરો તમારા ફાયદાની વાતો છે. તમે તમારો ફોન નંબર આપી દો, તમારો ખૂબ ઉપકાર રહેશે. આભાર.'



એક સમય હતો જ્યારે સોમી અલી અને સલમાન ખાનનો સંબંધ હતો. વર્ષ ૧૯૯૯માં બંનેનું બ્રેકઅપ થઈ ગયુ અને પછી તે મુંબઈથી યુએસ શિફ્ટ થઈ ગઈ. ત્યારથી તે ત્યાં જ રહે છે અને તેણે ઈન્ડસ્ટ્રીને પણ અલવિદા કરી દીધુ હતુ. પહેલા સોમી અલીએ સલમાન ખાન અને કાળા હરણ કેસ પર પણ પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું હતું કે 'કોઈ પર પણ આમ ફાયરિંગ કરવું યોગ્ય હોતું નથી. વર્ષ ૧૯૯૮માં જ્યારે આ મામલો થયો તો સલમાન ખાન ખૂબ નાનો હતો. હું તો વિનંતી કરવા માગું છું કે બિશ્નોઈ સમાજ પણ હવે ભૂલી જાય અને આગળ વધે.' તેણે તો સલમાન ખાન તરફથી માફી પણ માગી હતી.

# ૩૧ વર્ષની ઉંમરે હોટલની લોબીમાંથી પડી જતાં ફેમસ સિંગરનું મોત થયું

## પોલીસે માહિતી આપી હતી કે આ દુર્ઘટના પાલેર્મોમાં પોશ વિસ્તારના કોસ્ટા રિકા સ્ટ્રીટ પરની એક હોટલમાં થઈ હતી

હોલિવૂડ ઈન્ડસ્ટ્રીના જાણીતા વન ડાયરેક્શનના ૩૧ વર્ષીય સિંગર લિયામ પેનનું અવસાન થયું છે. સિંગરનું હોટલના ત્રીજા માળની બાલ્કનીમાંથી પડી જતાં મોત થયું હતું. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાલર્મોના પોશ વિસ્તારમાંથી ઈમરજન્સી સેવાઓ પર કોલ કરવામાં આવ્યો હતો. જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે અમને લિયામ પેનનો મૃતદેહ મળ્યો.લિયામ નાની ઉંમરમાં જ વન ડિરેક્શનમાં જોડાઈ ગયો હતો અને તે ગ્રુપના મેઈન સોંગ રાઈટરમાંથી એક માનવામાં આવતો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સિંગર અને ભૂતપૂર્વ વન ડાયરેક્શન બેન્ડ મેમ્બર લિયામ પેને નિઆલ હોરાનના કોન્સર્ટમાં હાજરી આપવા માટે આર્જેન્ટિના ગયો હતો. પોલીસે માહિતી આપી હતી કે આ દુર્ઘટના પાલેર્મોમાં કોસ્ટા રિકા સ્ટ્રીટ પરની એક હોટલમાં થઈ હતી. ઘટનાસ્થળે પોલીસ અધિકારીઓની પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે સિંગર ડ્રગ્સ અને આલ્કોહોલના નશામાં હતો. લોકોના જણાવ્યા અનુસાર, સિંગર સાથે આ અકસ્માત થયો તે પહેલા તે લોબીમાં કેટલીક વિચિત્ર પ્રવૃત્તિઓ કરી રહ્યો હતો. તે લેપટોપ તોડતો પણ જોવા મળ્યો હતો.વન ડાયરેક્શન બેન્ડ સ્ટાર લિયામ પેને ૨૦૨૧ માં ખુલાસો કર્યો હતો કે તે બેન્ડ સાથેના પ્રવાસ દરમિયાન અમુક દવાઓ અને આલ્કોહોલના વ્યસની બની ગયો હતો. એક ઈન્ટરવ્યૂમાં સિંગરે કબુલ્યું હતું કે, મારી હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે મારા મનમાં આત્મહત્યાના વિચારો આવવા લાગ્યા હતા.



### સારાએ હાલમાં આ નવી પ્રોપર્ટી વિશે કંઈ કહ્યું નથી

# સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહે વધુ બે પ્રોપર્ટી ખરીદી

અભિનેત્રી સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહે મુંબઈમાં વધુ બે નવી ઓફિસ ખરીદી છે. આ જ બિલ્ડીંગમાં પહેલાથી જ તેમની ઓફિસ હતી પરંતુ ફરી એકવાર માતા અને પુત્રીની જોડીએ ૨૨ કરોડ રૂપિયાનું રોકાણ કરીને રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે.સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહે મુંબઈના અંધેરી વેસ્ટમાં કુલ રૂ. ૨૨.૨૬ કરોડમાં બે ઓફિસ ખરીદી છે અને રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે. માતા-પુત્રીની જોડીએ વીર સાવરકર પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી વીરા દેસાઈ રોડ પર સિગ્નેચર બિલ્ડિંગના નવમા માળે બે ઓફિસો ખરીદી છે.આ દરેક ઓફિસની કિંમત રૂ. ૧૧.૧૩ કરોડ છે, જેમાં સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૬૬.૮ લાખ છે. દરેક ઓફિસનો વિસ્તાર ૨,૦૯૯ ચોરસ ફૂટ છે અને તે ૧,૯૦૫ ચોરસ ફૂટ સુધી વિસ્તરેલો છે. તેમાં ત્રણ પાર્કિંગ લોટ પણ છે. તે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ નોંધાયેલું હતું. જુલાઈ ૨૦૨૩ માં, સારા અને અમૃતાએ ૪૧.૦૧ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવીને ૯ કરોડ રૂપિયામાં ચોથા માળે એક જ બિલ્ડિંગમાં બીજી ઓફિસ પહેલેથી જ ખરીદી હતી.સારા અલી ખાને હાલમાં આ નવી પ્રોપર્ટી વિશે કંઈ કહ્યું નથી. સારા એક્ટર સૈફ અલી ખાન અને અમૃતા સિંહની દીકરી છે. તેના માતા-પિતા ૨૦૦૪માં અલગ થઈ ગયા હતા. તેનો એક નાનો ભાઈ ઈબ્રાહિમ અલી ખાન પણ છે, જે હવે અભિનેતા બનવાના માર્ગ પર આગળ વધી ગયો છે. તેણે કરણ જોહરને તેની ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં પણ આસિસ્ટ કર્યો છે.વર્ક ફ્રન્ટ પર, સારા છેલ્લે ઉષા મહેતાની ફિલ્મ 'એ વતન મેરે' વતનમાં જોવા મળી હતી, જે ૧૯૪૨માં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની આસપાસ ફરે છે. તે કન્નન અય્યર દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત છે અને કરણ જોહર દ્વારા નિર્મિત છે, જેમાં એલેક્સ ઓ'નીલ અને ઈમરાન હાશ્મી પણ છે.



# નિક જોનાસએ શો અધવચ્ચે અટકાવ્યો

અમેરિકન સિંગર અને પ્રિયંકા ચોપરાના પતિ નિક જોનાસ અને તેમના બે ભાઈએ વર્લ્ડ ટૂરનું આયોજન કર્યુ છે. ચેક રિપબ્લિકના પાટનગર પ્રાગ ખાતે લાઈવ કોન્સર્ટ દરમિયાન નિક અને તેમના ભાઈઓ કેવિન તથા જો સ્ટેજ પર પરફોર્મ કરી રહ્યા હતા. દરમિયાન નિક પર અચાનક લેસર લાઈટ તકાઈ હતી. લેસર લાઈટનુ નિશાન પોતે હોવાની જાણ થતાં જ નિકે કોન્સર્ટ અટકાવી હતી.જોનાસ બ્રધર્સે 'ધ ટૂર'નું આયોજન કર્યુ છે, જેમાં નોર્થ અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડમાં તેમની કોન્સર્ટ યોજાઈ રહી છે. આ કોન્સર્ટમાં જોનાસ બ્રધર્સ ૨૦૦૬થી અત્યાર સુધીના તેમના પોપ્યુલર ટ્રેક્સ રજૂ કરી રહ્યા છે. આવી જ એક કોન્સર્ટ ચેક રિપબ્લિકના પાટનગર પ્રાગ ખાતે યોજાઈ હતી. નિક અને તેમના ભાઈઓ કેવિન-જો સ્ટેજ પર પરફોર્મ કરી રહ્યા હતા ત્યારે નિકને લેસર લાઈટનું નિશાન બનાવવામાં આવ્યા હતા. નિકે શો અધવચ્ચે પડતો રાખ્યો હતો અને સિક્યુરિટી સ્ટાફને એલર્ટ કર્યો હતો. નિકના બે ભાઈઓ સ્ટેજ પર ઊભા રહ્યા હતા અને ઓડિયન્સને એન્ગેજ રાખ્યુ હતું. સિક્યુરિટી સ્ટાફે નિક પર નિશાન સાધનારા ઈસમને ગણતરીની મિનિટોમાં ઓળખી કાઢ્યો હતો. નિકે વર્લ્ડ ટૂર શરૂ કરી તે પહેલાં સોશિયલ મીડિયા પર બે મહિનાનો બ્રેક લીધો હતો. સોમવારે જ સોશિયલ નિક એક્ટિવ થયા હતા અને પોતાના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. વર્લ્ડ ટૂર દરમિયાન લાખો ફોલોઅર્સ સાથે કનેક્ટ થવા નિક અને તેમની ટીમ પ્રયાસ કરી રહી છે ત્યારે લેસર લાઈટની અણધારી ઘટનાએ વર્લ્ડ ટૂરને ચર્ચામાં લાવી દીધી છે.



# ફિલ્મમેકર્સ જ મને સારી તકો આપે છે

## લાંબા સમય પછી વરુણ ધવન કોઈ એક્શન થ્રિલર રોલમાં જોવા મળશે

લાંબા સમય પછી વરુણ ધવન કોઈ એક્શન થ્રિલર રોલમાં જોવા મળશે. તાજેતરમાં મુંબઈ ખાતે તેની આગામી સિરીઝ 'સિટાડેલઃ હની બની'ની ટ્રેલર લોંચ ઈવેન્ટ યોજાઈ હતી, જેમાં તેણે સાઉથના ફિલ્મ મેકર્સનો આભાર માનવાની સાથે આદિત્ય ચોપરાએ તેને એક્શન ફિલ્મમાં તક ન આપી હોવાનો પણ ખુલાસો કર્યો હતો. આ સિરીઝના શૂટ વખતના રમુજી કિસ્સાઓની પણ વરુણે વાત કરી હતી. સેટ પર હાજર એક સિક્યોરિટી ઓફિસર સાથેની વાતચીત અંગે વાત કરતા વરુણે કહ્યું,''અમે ગમે ત્યાં શૂટ કરતાં હોઈએ, દરેક જગ્યાએ એમેઝોન તરફથી એક વ્યક્તિ આવશે અને અમને કહેશે, 'હું અહીં તમારી સુરક્ષા માટે છું.' હું કહેતો, 'હું જોઉં છું તમે મને કયા પ્રકારની સિક્યોરિટી આપી રહ્યા છો.' પણ ખરો પ્રશ્ન હતો, 'તમને ખરેખર મજા આવી, વરુણ?' અને હા મને બિલકુલ મજા આવી. મારા માટે આ કામ વેક અપ કૉલ જેવું હતું.''વરુણે એક્શન ફિલ્મોમાં કામ કરવા બદલ સાઉથના ફિલ્મ મેકર્સનો આભાર માન્યો હતો. ખાસ કરીને સિટાડેલના ડિરેક્ટર્સ રાજ એન્ડ ડીકે, એટલી અને કિર્તિ, સાથે તેણે જ્હાન્વી કપૂરનો પણ સાઉથ ઈન્ડિયન વારસાને જાળવી રાખવા સંદર્ભે ઉલ્લેખ કર્યો હતો. વરુણે કહ્યું, ''ઘણા લોકોના ધ્યાનમાં આવવા લાગ્યું છે, ખાસ કરીને મને લાગે છે કે સાઉથ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી છે, જેણે મારા કામની નોંધ લીધી છે અને મને એક્શન જોનરમાં સારી તકો આપી છે, આ હકીકત છે. મેં રાજ એન્ડ ડીકે સાથે કામ શરૂ કર્યું અને એના પછી હું અટલી અને કિર્તિ સાથે કામ કરી રહ્યો છું. આશા છે, તેનાથી મને હજુ વધારે તકો મળશે. મને વિશ્વાસ છે કે લોકો મારું કામ ધ્યાનમાં લેશે અને મને વધુ કામ આપશે.''ત્યાર બાદ વરુણે તેને પેન્ડેમિક દરમિયાન આદિત્ય ચોપરા સાથે થયેલી વાત યાદ કરી હતી અને ખુલાસો કર્યો હતો કે, આદિએ કેમ તેને મોટા બજેટની એક્શન ફિલ્મમાં લેવા ઈનકાર કર્યો હતો. આદિત્ય ચોપરાએ વરુણને કહ્યું હતું કે, એમાં વરુણની ટૅલેન્ટનો પ્રશ્ન નથી, પરંતુ બજેટની મર્યાદાને કારણે તે વરુણને લઈ શકશે નહીં. તેના કારણે વરુણ આર્થિક બાબતો પર વધુ વિચારતો થઈ ગયો, તેનું નોલેજ તેને સિટાડેલમાં જોડાતી વખતે ઉપયોગી થયું હતું. વરુણે કહ્યું, ''લોકડાઉન વખતે મને આદિત્ય સાથે બેડમિન્ટન રમવાની તક મળી હતી. મનીષ શર્મા પણ ત્યાં જ હતા અને એ લોકો 'ટાઈગર ૩' બનાવી રહ્યા હતા. તાજેતરમાં મુંબઈ ખાતે તેની આગામી સિરીઝ 'સિટાડેલઃ હની બની'ની ટ્રેલર લોંચ ઈવેન્ટ યોજાઈ હતી, મેં આદીને પૂછ્યું તું કોઈ યંગ એક્શન ટૅલેન્ટને આ ફિલ્મમાં કેમ નથી લેતો? તું મને કેમ નથી લેતો? એણે કહ્યું,''મારે તને સારા અભિનય વાળા રોલ આપવા છે, મારે તમે એક્શન રોલ નથી આપવા.'' જોકે, છતાં મેં એને મનાવવાનું ચાલુ રાખ્યું હતું. પછી તેણે કહેલું કે,''હાલ હું તને એ બજેટ આપી શકું તેમ નથી. તું હજુ એ સ્તર સુધી પહોંચ્યો નથી.'' એણે જે કહ્યું એ બાબતે હું વિચારમાં પડી ગયેલો. પછી મેં એને મેસેજ કર્યો, ''સર, બજેટ શું છે?'' ત્યારે એણે કહ્યું,''આ બજેટ જોઈએ તમારે, જો એક્શનમાં કશુંક મોટું બનાવવું હોય તો.'' તેથી સિટાડેલ આવ્યું ત્યારે મેં પૂછ્યું, ''તમારુ બજેટ શું છે. '' એમને નહીં ગમે આ બધું કહીશ તો..પણ હું ખરેખર મને આ તક આપી એટલા માટે તેમનો આભારી છું.'' એમેઝોન પ્રાઈમ વીડિયો પર આ સિરીઝ ૭ નવેમ્બરથી સ્ટ્રીમ થશે.



### આગામી ફિલ્મ માટે આમિર એક સાથે પાંચ ડિરેક્ટર્સ સાથે ચર્ચામાં

# સુપર હિરો ફિલ્મ અને 'ગજની ૨' સાથે કરશે

આમિર ખાન કોઈ ફિલ્મ પર કામ કરે અને તે સફળ ન જાય તેવું ભાગ્યે જ બને છે. હાલ આમિર તેની 'સિતારેં ઝમીં પર'ની ૨૦૨૫માં રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યો છે. જ્યારે આવનારા અમુક વર્ષ સુધી તેની એક પછી એક ફિલ્મનું કામ ગોઠવાયેલું રહે તે માટે તે કેટલાંક ફિલ્મ મેકર્સ સાથે ચર્ચા વિચારણા પણ કરી રહ્યો છે. તાજેતરમાં જ અહેવાલ હતા કે આમિર તેના 'અંદાઝ અપના અપના'ના ડિરેક્ટર રાજકુમાર સંતોષી સાથે કોમેડી ફિલ્મ 'ચાર દિન કી ઝિંદગી'માટે વાતચીત કરી રહ્યો છે. હવે એવી માહિતી મળી છે કે તે ડિરેક્ટર લોકેશ કનગરાજ સાથે એક મોટી ફિલ્મની ચર્ચામાં છે. આમિરખાનની નજીકના સૂત્રો અનુસાર આમિર અને કનગરાજ એક સુપરહિરો ફિલ્મ અંગે ચર્ચા વિચારણા કરી રહ્યા છે. તેણે જણાવ્યું,''છેલ્લાં કેટલાંક મહિનામાં લોકેશ અને આમિર ઘણી વખત મળ્યા છે અને કેટલાક આઈડિયા પર ચર્ચા કરી છે. બંનેને સુપરહિરો ફિલ્મ કરવાનો વિચાર સૌથી ગમ્યો છે અને લોકેશ હવે તેના લેખકોની ટીમ સાથે મળીને તે અંગે સ્ટોરી તૈયાર કરશે. પછી તેઓ આમિરને પહેલો ડ્રાફ્ટ પીચ કરશે.'' સૂત્રએ આગળ જણાવ્યું,''હાલ આમિર સિતારેં ઝમીન પર માટે વ્યસ્ત છે, તેના પછી તે રાજકુમાર સંતોષી, ઝોયા અખ્તર કે અવિનાશ અરુણ સાથે કામ શરૂ કરશે. જ્યારે લોકેશ હાલ કૂલીમાં વ્યસ્ત છે, પછી તે ૨૦૨૫માં કૈથી ૨નું કામ શરૂ કરશે. જો આમિરને સુપર હિરો ફિલ્મની સ્ક્રિપ્ટ ગમશે તો તેઓ ૨૦૨૬માં શૂટિંગ શરૂ કરી શકે છે. સાથે આમિર લોકેશની કૂલીમાં કેમિઓ પણ કરવાનો છે. સુપર હિરો ફિલ્મની ચર્ચા દરમિયાન તેઓ આ રોલ માટે સહમત થયા હતા. રજનીકાંતની આ ફિલ્મમાં લોકોશે આમિર માટે એક અનોખો રોલ લખ્યો છે, જેમાં આમિર બિલકુલ નવા અવતારમાં જોવા મળશે.''આ સિવાય આમિર અલ્લુ અરવિંદ સાથે 'ગજની ૨' અંગે પણ ચર્ચા કરી રહ્યો છે. તેઓ બંને માને છે કે તેમના વિષયમાં આ ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાની ક્ષમતા છે. સૂત્રના જણાવ્યા અનુસાર,''તેણે અલ્લુ અરવિંદ, મધુ મન્ટેના અને સમગ્ર ટીમને પૂછ્યું છે કે તેઓ એક ગજની ૨ને અનુકૂળ સ્ક્રીપ્ટ સાથે આવે. પછી તેઓ આમિરને આ સ્ક્રિપ્ચ પીચ કરશે.




# તાપસીનો સ્પાય ફિલ્મોના રાફડા પર ટોણો

તાપસી પન્નુની આગામી ફિલ્મ 'ગાંધારી' એક એક્શન થ્રિલર ફિલ્મ છે, જે માતા-પુત્રીના સંબંધ પર આધારિત છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં તાપસીએ સ્પાય ફિલ્મોના ટ્રેન્ડ પર કટાક્ષ કરતાં કહ્યું કે બધાને હવે સ્પાય થ્રિલર ફિલ્મોમાં કામ કરવું છે, પણ એ આ કામ વર્ષો પહેલાં કરી ચૂકી છે. તાપસીની 'બૅબી' અને 'નામ શબાના' પછી આ પ્રકારની ફિલ્મની શક્યતા અંગે તેણે કહ્યું, ''મને મજા પડે એવા એક્શન કેરેક્ટર કરવા ગમે છે. પહેલાં એક્શન સ્પાય થ્રિલરની આવી ફેશન નહોતી. હવે બધાને સ્પાય થ્રિલર કરવી છે. હું એ વર્ષો પહેલાં કરી ચૂકી છું, જો હવે એ હું ફરી કરીશ તો વિચિત્ર લાગશે, કે તું કેમ એકનું એક પ્રકારનું કામ કરે છે? એ સમયે એ કામ અલગ ગણાતું હતું, એ મજા હવે ફરી એવું જ કામ કરીને હું બગાડવા માગતી નથી. હું બહુ સ્પષ્ટ છું કે જો મારે એક્શન થ્રિલર કરવી હશે તો હું ફરી કોઈક અલગ દુનિયામાં જવાનું પસંદ કરીશ.'' આગામી ફિલ્મ 'ગાંધારી' વિશે વાત કરતાં તાપસીએ કહ્યું,''આ એક માતાનાં દિકરી માટેના બદલાની વાત છે. તમને એ ફિલ્મ જોઈને સમજાશે. દેવાશિષ મખીજાએ આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેઓ આ પહેલાં 'અજ્જી' અને 'જોહરામ' જેવી ફિલ્મો ડિરેક્ટ કરી ચૂક્યા છે. કનિકાએ ફિલ્મ લખી અને પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે.'' તાપસીએ 'ડંકી'માં શાહરૂખ ખાન સાથે કામ કર્યુ હતું, આ અંગે પોતાના અનુભવો વિશે વાત કરતાં તાપસીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું,''જ્યારે તમે શાહરૂખ ખાન સાથે સેટ પર હોય ત્યારે તમે ગમે તેમ કરો પણ તમે તમારી ક્ષમતાનું ૧૦૦ ટકા પ્રદાન કરો છો.''



### દિવાળી -૨૦૨૪ને ધ્યાને લઈને ગુજરાત એસ.ટી દ્વારા

# ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને લાભ મળશે

પ્રિન્સ ચાવલા



। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

શહેરી તેમજ છેવાડાના નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સુવિધા ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિ અને મક્કમ નેતૃત્વના લીધે આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર રાજ્ય બન્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકાર માર્ગ પરિવહન ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી મુસાફરોની સુવિધામાં વધારો કરવાનો નિરંતર પ્રયાસ કરી રહી છે. આગામી દિવાળીના તહેવારોમાં ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને એસ.ટીની સલામત અને સમયબદ્ધ સવારીનો લાભ મળશે તેમ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો, ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવાની બસ સેવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને નોકરી વ્યવસાય કરનારા નાગરીકો પોતાના પરિવાર સાથે તહેવારની ઉજવણી માદરે વતનમાં કરી શકે તે માટે ખાસ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાલુ વર્ષના આયોજનમાં માત્ર સુરત ખાતેથી ૨૨૦૦ બસો, દક્ષિણ-મધ્ય ગુજરાત માંથી ૨૯૦૦, સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ૨૧૫૦ તેમજ ઉત્તર ગુજરાતમાંથી ૧૦૯૦ મળીને કુલ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના થકી રાજ્યના ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ બસોની સેવાઓનો લાભ મળશે. દિવાળીના એક્સ્ટ્રા સંચાલનના આયોજનને ખુબ જ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ગત માસ કરતા હાલમાં તહેવારોના પરિણામે થઈ રહેલ દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૮%નો વધારો જોવા મળી રહ્યો છે. આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સેવાઓનું નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. એસ.ટીમાં મુસાફરી કરતા મુસાફરોને સંચાલન સંબંધિત પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. અત્રે ઉલેખનીય છે કે, રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ અને તેમાં પણ ખાસ કરીને ભાવનગર, અમરેલી, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાઓના રત્નકલાકારો સુરતમાં નોકરી/વ્યવસાય અર્થે સ્થાયી થયેલ છે, કે જેઓ દિવાળીના તહેવારમાં માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્રવાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. નિગમના સુરત વિભાગ દ્વારા તા.૨૬ થી તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૪ દરમ્યાન સૌરાષ્ટ્ર તરફના રત્નકલાકારો, પંચમહાલ, ઉત્તર ગુજરાત તથા મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે સુરત ખાતેથી વધારાની ૨૨૦૦ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમના અન્ય વિભાગો દ્વારા પણ દિવાળીના સમયગાળા દરમ્યાન એક્સ્ટ્રા સેવાઓનું રાજ્યના વિવિધ રૂટ ઉપર સંચાલન હાથ ધરવામાં આવશે તેમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

### સુમુલ ડેરી રોડ પર વોલ

# પેઈન્ટીંગ બન્યા આકર્ષણનું કેન્દ્ર

### આકર્ષક વોલ પેઈન્ટીંગે શહેરની સુંદરતા વધારી






। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

રાજ્યમાં વિકાસ સપ્તાહ-૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે સુમુલ ડેરીથી સુરત રેલવે સ્ટેશન તરફ જતા રોડ પર વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ વિષય આધારિત વોલ પેઈન્ટિંગ કંડારવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની થીમ આધારિત નલ સે જલ, સ્વચ્છ ઊર્જા, સ્વચ્છ અને સ્વસ્થ ભારત, સ્વચ્છ ભારત મિશન, પી.એમ. માતૃવંદના યોજના, સ્માર્ટ સિટી મિશન, પી.એમ.આવાસ યોજના, અમૃત્ત મિશન, સર્વ શિક્ષા અભિયાન, બુલેટ ટ્રેન અને વિકાસ સપ્તાહ સહિતના વિવિધ વિષયો આધારિત વોલ પેઈન્ટિંગ કરવામાં આવ્યા છે. પ્રતિભાશાળી ચિત્રકારો દ્વારા ભીંતચિત્રો થકી સરકારની મહત્વની લોકકલ્યાણકારી વિવિધ યોજનાઓની વિગતો નાગરિકો સુધી પહોંચાડવામાં આવી હતી.

## ખેલ મહાકુંભના માધ્યમથી ગુજરાતના ૧૬ ખેલાડીઓએ રાજ્યનું દેશમાં અને વિશ્વસ્તરે નામ રોશન કર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતના ખેલાડીઓએ રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું છે. એક સમય એવો હતો જ્યારે ગુજરાતીઓની ઓળખ વ્યાપારી તરીકેની હતી. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં વર્ષ-૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. તેનો મુખ્ય આશય યુવાનોમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવે, શારિરીક તદુંરસ્તી જળવાઈ રહે અને ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુથી ખેલ મહાકુંભનું ગ્રામ્યકક્ષાથી રાજ્યકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલમહાકુંભ માત્ર ખેલ પ્રતિભાશોધ માટે નહી પરંતુ સમગ્ર ગુજરાતના રમતના વિકાસનો આધાર સ્થંભ બની ગયો છે. ગુજરાતમાં વર્ષ -૨૦૧૦માં યોજાયેલ ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ૧૬.૫૦ લાખ જેટલા રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે ગત વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ પહોચ્યું છે. ગુજરાતમાં આજે છેલ્લા બે દાયકામાં ખેલકૂદ ક્ષેત્રે ગુજરાતના યુવાનો આગળ આવ્યા છે અને તેમની ક્ષમતામાં વધારો થયો છે. તેનો શ્રેય ગુજરાત સરકારના અથાક પ્રયાસોને જાય છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ખેલ મહાકુંભ, શક્તિદૂત યોજના, DLSS જેવી અનેક નવી પહેલો, કાર્યક્રમો અને નીતિઓ શરુ કરવામાં આવી હતી જેના હેઠળ એથ્લિટ્સને યોગ્ય તાલીમ, નાણાકીય સહાય અને માન્યતા પ્રદાન કરવામાં આવે છે. વર્ષ-૨૦૦૨ પહેલાં ગુજરાતનું સ્પોર્ટ્સ બજેટ માત્ર રૂ.૨.૫ કરોડ હતું, જે આજે ૧૪૧ ગણું વધીને રૂ. ૩૫૨ કરોડથી વધુનું થયું છે. ખેલમહાકુંભનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં ખેલકૂદનું વાતાવરણ ઊભું થાય, રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં રહેતા પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થ્ય અંગેની બાળકોમાં વધુ જાગૃતિ આવે તે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીના રમત ગમત અંગે ખેલ મહાકુંભના મુખ્ય ઉદ્દેશને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ગુજરાતના ખૂણે ખૂણે અંતરિયાળ વિસ્તાર સુધી પહોચાડી છે જેના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ ગુજરાતના રમતવીરોએ ઉત્સાહપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું. વર્ષ – ૨૦૧૦માં ખેલ મહાકુંભમાં ૧૬ રમતો હતી જ્યારે ખેલ મહાકુંભ ૨.૦માં ૩૯ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ ૨.૦માં ગ્રામ્ય કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી દરેક વયજૂથમાં વિજેતા ખેલાડીઓને આપવામાં આવતી રોકડ-પુરસ્કારની રકમ સમાન રાખવામાં આવી. ખેલ મહાકુંભ ૨.૦માં ચાર નવી રમતો સેપક ટકરાવ, વુડબોલ, બીચ હેન્ડબોલ અને બીચ વોલીબોલ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ખેલમહાકુંભ અંતર્ગત અંડર-૯ અને અંડર-૧૧માંથી ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન કરી હાલ સુધીમાં ૪,૬૫૫ ભાઈઓ અને ૪,૫૩૫ બહેનો એમ મળીને કુલ ૯,૧૯૦ પ્રતિભાશાળી ખેલાડીઓને સરકારી ખર્ચે જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ (DLSS) આપવામાં આવ્યો.

### નૂતન હોસ્પિટલ વિસનગર ખાતે

# અત્યંત જટીલ સર્વાઇકલ સ્પાઇન સર્જરી સફળતાપૂર્ણ પૂર્ણ કરી દર્દીને નવજીવન બક્ષતા ખ્યાતનામ સ્પાઇન સર્જન ડો. જે.વી. મોદી



। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અડેરણ તા. દાંતા ના વતની ૬૦ વર્ષીય પ્રવીણભાઈ બાબુલાલ મોદીને ૬ મહિના અગાઉ ચાલવાની તકલીફ થઈ ક્રમશ હાથ પગના હલન-ચલનની ક્રિયા લગભગ બંધ થઈ ગઈ હતી. તકલીફ વધતા ચાલી ન શકાય, શર્ટના બટન બંધ ન કરી શકાય, હાથ જુઠો પડવો,જાતે જમી ન શકાય, પેશાબ તૂટક તૂટક થવો જેવી તકલીફ થઈ હતી.

મહેસાણા, હિંમતનગર, પાલનપુર વિવિધ હોસ્પિટલમાં નિદાન અર્થે ગયા બાદ પણ સ્થિતિમાં સુધાર જોવા મળી રહ્યો ન હતો અને દિવસે દિવસે હાલત વધુ બગડતી જતી હતી. દોઢેક લાખ જેટલો ખર્ચો પણ થયો હતો. અંતે પ્રવીણભાઈ ને તા. ૦૬-૦૯-૨૪ ના રોજ નૂતન હોસ્પિટલ વિસનગરમાં સારવાર અર્થે વ્હીલચેરમાં લાવવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતમાં વર્ષોથી ઈમરજન્સી સહિતની અધતન સારવાર માટે વિખ્યાત નૂતન જનરલ હોસ્પિટલના નિષ્ણાંત ઓર્થોપેડિક તબીબોની ટીમે દર્દીની તપાસ હાથ ધરી.

નૂતન હોસ્પિટલના સ્પાઈન સર્જન અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના પૂર્વ સુપ્રીટેન્ડન્ટ ડૉ. જે.વી.મોદી અને તેમની ટીમે MRI થકી સર્જરી જ વિકલ્પ હોઈ તા. ૧૩-૦૯૨૪ ના રોજ પ્રવીણભાઈની સર્જરી હાથ ધરી.

અમદાવાદ સિવિલમાં અનેક જરૂરિયાતમંદ અને પીડીત દર્દીઓની સફળ સ્પાઈન અને ઓર્થોપેડિક સર્જરી કરીને પોતાની તબીબી નિપૂણતાથી અગણ્ય દર્દીઓને નવજીવન આપનારા ડૉ. જે.વી.મોદીએ ફરી એક વખત પોતાની તબીબી નિપૂણતા અને કોઠા સુઝના પરિણામે પેરાલિસીસ થઈ ગયેલ પ્રવીણભાઈ ની સર્જરી હાથ ધરીને તેને નવજીવન બક્ષ્યું છે. ડૉ. જે.વી.મોદીએ નૂતન હોસ્પિટલના ડૉ. ધ્વનિત દેસાઈ (સ્પાઈન સર્જન) તથા ઓર્થોપેડિક ડૉકટર્સ ટીમના સહયોગથી દર્દીના કરોડરજ્જુના ભાગમા ગંભીર તકલીફનું નિદાન કરીને લેટેસ્ટ મિઝોનિક્સ ટેક્નોલોજી સ્પાઈન સર્જરી હાથ ધરી. સફળ સર્જરીના પરિણામે આજે પ્રવીણભાઈ ના હાથ પગનું હલન-ચલન પૂર્વવત બન્યું છે અને પોતાની રોજીંદી ક્રિયાઓ પૂર્વવત કરી શકે છે.

દર્દી સંપૂર્ણ સ્વસ્થ થતાં તા. ૧૮ -૦૯ -૨૪ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ખાનગી હોસ્પિટલમાં અંદાજીત ૨.૦૦ લાખના ખર્ચે થતુ ઓપરેશન નૂતન હોસ્પિટલમાં સરકારી યોજના હેઠળ સંપૂર્ણપણે વિના મૂલ્યે ઉપલબ્ધ બન્યું. પ્રવીણભાઈની શારિરીક સ્થિતિ પૂર્વવત બનતા તેમના પરિવારજનોએ સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ અને ટ્રસ્ટીગણ સહિત સરકારનો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો.

### શરદપુર્ણિમાની સંધ્યાએ વેદિક મંત્રોચાર અને શાસ્ત્રોક્તવિધિ સાથે

# ગુરુમહારાજ દેવકૃષ્ણદાસજી સ્વામીજી અને મહંત સ્વામીશ્રી દેવપ્રસાદ દાસ સ્વામીના હસ્તે ગુરુકુલ શિલાન્યાસ કરાયો

### ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી અને ઈશ્વરસિંહ પટેલ સહિત અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતી રહી





। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

શરદપુર્ણિમાની સંધ્યાએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાની ૬૦ નૂતન શાખાનું સ્વામિનારાયણ ગુરુકુલ તેમજ ભવ્ય હરિકૃષ્ણ ધામ ભૂમિ પૂજનનો શિલાન્યાસ સમારોહ કાર્યક્રમ શ્રી ગુરુવર્યશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી, મહંત સ્વામીશ્રી દેવપ્રસાદદાસ સ્વામી, ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતીમાં વૈદિક મંત્રોચાર અને શાસ્ત્રોકતવિધિ પ્રમાણે ભૂમિ - પૂજન કરવામાં આવ્યું હતુ. સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના ઉપક્રમે ભારત, અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, આફિકા, લેટિન અમેરિકા, કેનેડા આફિકાના દેશોમાં ૫૫ જેટલા ગુરુકુલો કાર્યરત છે ત્યારે ભરૂચ ખાતે ૬૦મી નૂતન શાખાનો શિલાન્યાસ કરાયો હતો. આ સ્વામિનારાયણ સંપ્રદાય ધાર્મિક સામાજિક અને શૈક્ષણિકપ્રવૃત્તિઓથી સમાજમાં માનવ ઘડતર માટે ખૂબ મોટું પ્રદાન આપી વિશ્વને ગુરુકુલ સંસ્કૃતિની ભેટ આપી રહી છે. આ શુભ પ્રસંગે, ભરૂચના ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી, અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલ, જિલ્લાના વિવિધ ક્ષેત્રના પ્રતિનિધીઓ, સમાજના અગ્રણીઓ, અંકલેશ્વર મામલતદારશ્રી કરણસિંહ રાજપૂત, પરમ પૂજ્ય મહંત સ્વામીશ્રી દેવપ્રસાદદાસજી સ્વામી, નીલકંઠધામના નિર્માતા પરમ પૂજ્ય સદગુરુ પુરાણી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી, બ્રહ્મનિષ્ઠ સંતો, મહંત સ્વામીઓ, હરી ભક્તો, વગેરે હાજર રહ્યાં હતા.

### સુરત મહાનગરપાલિકા રૂા.૧૨.૫૯ લાખના ફાળા સાથે પ્રથમ સ્થાન

# નિવાસી અધિક કલેક્ટરના હસ્તે સૈનિકો-શહીદ સૈનિકોના પરિવારો માટે સશસ્ત્ર સેના ધ્વજદિનનો ઉદાર હાથે ફાળો આપનાર નાગરિકો, સંસ્થાઓનું સન્માન



। (માહિતી) સુરત, તા.૧૮ ।

દેશની રક્ષા માટે દિન રાત ઝઝુમતા સૈનિકોના લાભાર્થે સુરત જિલ્લાની સરકારી કચેરીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કંપનીઓ અને નાગરિકોએ સશસ્ત્ર સેના ધ્વજદિન-૨૦૨૩-૨૪ માં રૂા.૬૩ લાખ જેટલુ માતબર ભંડોળ એકત્ર કરીને શૂરવીર સૈનિકો પ્રત્યે ઋણ અદા કર્યું છે. જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારીના હસ્તે સશસ્ત્ર સેના ધ્વજદિનનો ઉદાર હાથે ફાળો આપનારી આ સંસ્થાઓનું સન્માન કરાયું હતું.

વીતેલા વર્ષમાં સશસ્ત્ર સેના ધ્વજદિન ઉજવણીમાં સરકારી અર્ધ-સરકારી તેમજ ખાનગીક્ષેત્રો તરફથી સૌથી વધુ ફાળો આપનારા દાતાઓને શિલ્ડ, પ્રમાણપત્રો અર્પણ કરાયા હતા. સર્વે દાતાઓને અભિનંદન આપતા નિવાસી અધિક કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, દેશ માટે રક્ષા કાજે સેવા કરતાં સૈનિકો તેમજ શહીદ સૈનિકોના પરિવારો માટે દેશના નાગરિકો, સંસ્થાઓ, સરકારી કચેરીઓ, શાળા-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, કંપનીઓ યથાશક્તિ ઉમદા યોગદાન આપે છે. આપણા સૈનિકો દેશના સીમાડાઓની રક્ષા માટે દિન-રાત તૈનાત રહે છે. રાષ્ટ્ર માટે પોતાના પરિવારજનોથી દૂર રહી ફરજ બજાવનારાઓને સહાયરૂપ થવું એ આપણી પણ ફરજ બને છે. સખાવત, સેવાકાર્યોમાં સુરત હરહંમેશ અગ્રેસર રહ્યું છે, ત્યારે હજુ પણ સૌ નાગરિકો દાનની ઝોળી છલકાવે એવી અભિલાષા વ્યકત કરી હતી. સશસ્ત્ર સેના ધ્વજદિન ઉજવણીમાં રૂા.૧૨.૫૯ લાખનો માતબર ફાળો એકત્ર કરી પ્રથમ આવનાર સુરત મહાનગરપાલિકાને શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. બીજા ક્રમે ૭.૧૨ લાખના ફાળા સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.-સુરત, ત્રીજા ક્રમે રૂા.૬.૨૯ લાખ સાથે પોલીસ અધિક્ષક કચેરી, ચોથા ક્રમે રૂા.૪.૯૩ લાખ સાથે પોલીસ કમિશનર કચેરી, જ્યારે રૂ.૩.૨૯ લાખના ફાળા સાથે એલ એન્ડ ટી હેવી એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટ-હજીરા પાંચમા ક્રમે રહી હતી. આ પ્રસંગે મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી દિવ્યેશ કુમાર મુરલીવાલાએ જણાવ્યું હતું કે, જો કોઈએ આર્થિક યોગદાન આપવું હોય તો સરથાણા ખાતે ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસિડેન્સીની પાછળ આવેલી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ખાતે રોકડ અથવા ડ્રાફટ/ચેક આપીને સરકારી પહોંચ મેળવી શકે છે. અત્રે નોંધનીય છે કે, સુરતની પુનર્વસવાટની કચેરીમાં હાલમાં ૧૮૬૯ પૂર્વ સૈનિકો, સ્વ.સૈનિકોના ૪૦૪ ધર્મપત્નીઓ, તેમના ૬૪૧૫ આશ્રિતો નોંધાયેલા છે. રાષ્ટ્રરક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર પોતાના જીવનનો નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા તેમજ યુદ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સશસ્ત્ર સેનાઓમાંથી છુટા થયેલા સૈનિકોના પુનર્વસવાટ, પૂર્વ સૈનિકોની દિકરીઓને લગ્ન સહાય, ઉચ્ચક મરણોત્તર સહાય તેમજ મકાન રિપેર સહાય માટે ફાળાનો ઉપયોગ કરવામાં આવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાધર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપ જો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારું એવું ધન કમાઈ શકશો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે. તમારા માતા-પિતાને ખુશ રાખવા માટે આ બંને વચ્ચે સંતુલન જાળવો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો તે યોગ્ય નથી, આના થી તમારા સંબંધો સુધારવા ને બદલે બગડી શકે છે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. કળા તથા રંગભૂમિ સાથે સંકળાયેલા લોકોને રચનાત્મક રીતે તેમનું શ્રેષ્ઠ આપવા માટે આજે અનેક નવી તકો મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.






રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ માલાવીના પ્રવાસે.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ માલાવીમાં નેશનલ વોર મેમોરિયલ, લિલોન્ગવે ખાતે પ્રથમ અને બીજા વિશ્વ યુદ્ધના માલાવી સૈનિકો, નાગરિકો અને ભારતીય સૈનિકો અને અન્ય લશ્કરી કામગીરીને પુષ્પાંજલિ અર્પણ કરી.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ માલાવીમાં નેશનલ વોર મેમોરિયલ, લિલોંગવે ખાતે મુલાકાતી પુસ્તક પર હસ્તાક્ષર કરી રહ્યાં છે.

ન્યૂઝ બ્રિફ

## ફૂડ ડિલિવરી કરનારને પણ મળશે વીમો અને પેન્શન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ફૂડ ડિલિવરી અથવા કેબ સર્વિસ સંબંધિત ઘણી એપ્સ માટે કામ કરી રહેલા કર્મચારીઓને સરકાર મોટી ભેટ આપી શકે છે. અહેવાલ છે કે સરકાર ગીગ કામદારો અને પ્લેટફોર્મ આધારિત નોકરી કરનારાઓને વીમા અને પેન્શન આપવા જેવી સિસ્ટમ શરૂ કરવાની તૈયારી કરી રહી છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાનું કહેવું છે કે જ્યાં સુધી કોડ લાગુ ન થાય ત્યાં સુધી અમે આવા લોકોને તેમના અધિકારોથી દૂર રાખી શકીએ નહીં. ગીગ કામદારો એવા લોકો છે જે સામાન્ય રીતે અસ્થાયી નોકરીઓ કરે છે. તેઓ સ્વતંત્ર કોન્ટ્રાક્ટર અથવા ફ્રીલાન્સર તરીકે કામ કરે છે. ખાસ વાત એ છે કે આવા કર્મચારીઓ પાસે તેમના કામનો સમય નક્કી કરવા જેવી સુવિધાઓ પણ હોય છે. તેઓ પ્રોજેક્ટ આધારિત નોકરીઓ પણ કરે છે. નીતિ આયોગનો અંદાજ છે કે દેશમાં ૬૫ લાખ ગીગ વર્કર્સ છે, પરંતુ આ આંકડો બે કરોડને પાર કરી શકે છે.માળખાને લાગુ કરવાના આ નિર્ણયને શ્રમ કાયદામાં સમાવિષ્ટ જોગવાઈઓનું 'સોફ્ટ લોન્ચિંગ' પણ કહેવામાં આવી રહ્યું છે. આ એટલા માટે છે કારણ કે તમામ રાજ્યો હજુ સુધી લેબર કોડ લાગુ કરવા માટે તૈયાર નથી.

## ગંગા નદી પર બનશે સૌથી મોટો પુલ નીચે ટ્રેન અને ઉપરથી કાર પસાર થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કાશીમાં ગંગા પર રેલ રોડ બ્રિજ બનવા જઈ રહ્યો છે. જે હાલમાં સિગ્નેચર બ્રિજ કહેવાય છે. આ બ્રિજનું બાધકામ ૧૩૭ વર્ષ જૂના માલવીય પુલથી ૫૦ મીટર દૂર તેની બાજુમાં જ બનાવવામાં આવે છે. બ્રિજનું ડીપીઆર ફાઈનલ થઈ ચુક્યું છે અને બ્લૂ પ્રિન્ટ પણ જાહેર કરી દેવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના એક્સ અકાઉન્ટથી આ પુલની જાણકારી આપી છે. પ્રધાનમંત્રીએ લખ્યું કે, કાશીવાસીઓની સુખ સુવિધા માટે અમે કોઈ કસર છોડવા નથી માગતા. આ જ ક્રમમાં ગંગા પર એક રેલ રોડ પુલને મંજૂરી આપ વામાં આવી છે. તેનાથી તીર્થયાત્રી, પર્યટકો અને અહીંના લોકોને સારી કનેક્ટિવિટી મળવાની સાથે રોજગાર અને બિઝનેસના નવા નવા અવસર પણ બનશે. આપને જણાવી દઈએ કે, આ બ્રિજને આગામી ૧૦૦ વર્ષ માટે રેલવે અને રોડ અવરજવર વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા બનાવવાનો પ્લાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રેલવે મંત્રાલયના એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

'AAP' નો મોટો નિર્ણય

# આમ આદમી પાર્ટી મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી નહીં લડે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

હરિયાણામાં યોગ્ય પરિણામ ન મળવાને કારણે આમ આદમી પાર્ટી મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી નહીં લડે. જેમાં પાર્ટી પોતાનું સમગ્ર ધ્યાન માત્ર દિલ્હી વિધાનસભા ચૂંટણી પર જ રાખવા માંગે છે. મીડિયા અહેવાલ પ્રમાણે, આમ આદમી પાર્ટીને લાગે છે કે ઝારખંડમાં તેનું સંગઠન પહેલા કરતા નબળું છે. ચૂંટણી લડવા માટે સંગઠનને મજબુત બનાવવાની જરૂર પડશે, પરંતુ હવે એનો સમય નથી. મહારાષ્ટ્રમાં સ્થિતિ થોડી અલગ છે. ત્યાંનું રાજ્ય એકમ સંગઠનાત્મક વિસ્તરણ માટે બે કે ત્રણ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે. એવું કહેવાય છે કે, રાજ્ય એકમે પોતાનો અહેવાલ હાઈકમાન્ડને સોંપી દીધો છે, જેના આધારે રાજકીય બાબતોની સમિતિ અંતિમ નિર્ણય લેશે. પરંતુ હાઈકમાન્ડ તરફથી મંજૂરી મળવાની શક્યતા ઓછી છે, કારણ કે AAP દિલ્હીને બચાવવા માટે પોતાની તમામ તાકાત વાપરવા માંગે છે. જ્યારે પાર્ટીએ પણ તૈયારીઓ તેજ કરી દીધી છે. પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયા પોતે પ્રચાર માટે દિલ્હીના રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે, આ બંને રાજ્યોમાં ચૂંટણી ન લડવા પાછળનું મુખ્ય કારણ એ છે કે INDIના સહયોગીઓ આ રાજ્યોમાં મજબૂતીથી ચૂંટણી લડી શકે અને સાથી પક્ષો વચ્ચે કોઈ મૂંઝવણ ઊભી ન થાય.આ સ્થિતિમાં ભાજપને નુકસાન થશે. જોકે, ઔપચારિક રીતે આમ આદમી પાર્ટીએ હજુ સુધી આ બંને રાજ્યોને લઈને પોતાની સ્થિતિ અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. પાર્ટીના નેતાઓ કહી રહ્યા છે કે આ અંગે રાજકીય બાબતોની સમિતિ જ નિર્ણય લેશે.

અમેરિકાના પૂર્વ પ્રમુખની મહેચ્છા

# હું કમલા હેરિસને મત આપવા સુધી જીવંત રહેવા માગું છું : પૂર્વ પ્રમુખ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।



અમેરિકાના પૂર્વ પ્રમુખ જીમી કાર્ટર બુધવારે અમેરિકાના પ્રમુખ પદની ચૂંટણીમાં પોતાનો મત કમલા હેરિસને આપ્યો હતો. ઓકટોબર ૧ના દિને પોતાનો ૧૦૦મો જન્મ દિવસ ઉજવનારા જીમી કાર્ટર અત્યારે જ્યોર્જીયા સ્થિત પ્લેઈન્સ શહેરમાં આવેલા ઘરમાં રહે છે. જયાં તેઓ માટે હોસ્પિટલમાં હોય તેટલી તમામ સુવિધાઓ, અમેરિકાની ફેડરલ ગવર્નમેન્ટ ઊભી કરેલી છે. તેઓના પુત્ર ચિપ કાર્ટરે પત્રકારોને જણાવ્યું હતું કે, બે મહિના પહેલાથી તેઓની તંદુરસ્તી તો ઘણી જ લથડી ગઈ હતી. ત્યારે મેં તેઓને પૂછયું કે, આપ ૧૦૦ વર્ષ સુધી જીવવા માગો છો ? હરિયાણામાં યોગ્ય પરિણામ ન મળવાને કારણે આમ આદમી પાર્ટી મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી નહીં લડે, ત્યારે તેઓએ કહ્યં હતું, ના, હું કમલા હેરિસને મત આપવા સુધી જીવંત રહેવા માગું છું. આ અંગે ધી કાર્ટર સેન્ટરે એક ટૂંકા નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓના આ કથનથી વધુ કશુ અમારે જણાવવાનું નથી. આ પૂર્વે મંગળવારે આશરે ૪,૬૦,૦૦૦ મતદારોએ સ્વયં કે પરોક્ષ રીતે પોતાના મત આપ્યા હતા. જેઓ પરોક્ષ રીતે મત આપ્યા તેઓના મત બુધવાર બપોર સુધીમાં પડયા હતા, તેમ એક અધિકારી બ્રા રેફેન સ્પેરન્ગરે જણાવ્યું હતું. અન્ય અધિકારી રોબર્ટ સીજર્સે જણાવ્યું હતું કે જ્યોર્જીયાના ચૂંટણી નિયમ પ્રમાણે મતદાન કર્યા પછી કોઈ મતદાતાનું નિધન થાય તો પણ તેઓને મત ગણતરીમાં લેવામાં આવે છે. તે જોતાં ૫ નવેમ્બરે જયારે ચૂંટણી પરિણામો જાહેર થશે ત્યારે પૂર્વ પ્રમુખ જીમી કાર્ટરનો મત પણ ગણતરીમાં લેવાશે જ.

ખાલિસ્તાનીઓ, બિશ્નોઈ ગેંગ સામેની અરજીઓ ૧૦ વર્ષથી દબાવી રાખી છે

# કેનેડા જ અપરાધી અને આતંકીઓને છાવરે છે, પ્રત્યાર્પણની ૨૬ અરજી પેન્ડિંગઃ ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે ભારત પર દોષારોપણ કરનાર કેનેડા ગુનાખોરો અને આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહી મામલે તદ્દન બેજવાબદારીપૂર્ણ રીતે વર્તે છે. ભારતે કેનેડાના આક્ષેપોનો જડબેસલાક વળતો જવાબ આપ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતે કેનેડાને ખાલિસ્તાની આતંકીઓ ઉપરાંત બિશ્નોઈ ગેંગ સહિતના અપરાધીઓના પ્રત્યાર્પણની ૨૬ જેટલી વિનંતી મોકલી છે. જેની પર હજી સુધી કેનેડાએ કોઈ કાર્યવાહી કરી નથી અને ઉલ્ટાનું ભારત પર દોષારોપણ કરી પોતાની નબળાઈ છુપાવી રહ્યું છે, જે યોગ્ય નથી. આ ઉપરાંત કેટલાંક અપરાધીઓની કામચલાઉ ધરપકડ માટેની ઘણી અરજીઓ પર પણ કેનેડાએ કોઈ કાર્યવાહી કરી નથી. આ પૈકીના કેટલાંક આતંકવાદીઓ અને અપરાધીઓમાં ગુરજીત સિંહ, ગુરજિંદર સિંહ, ગુરપ્રીત સિંહ, લખબીર સિંહ



લાન્ડા તથા અર્શદીપ સિંહ ગિલનો સમાવેશ થાય છે તેમ જણાવતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે કેનેડાની સરકારને સલામતી સંબંધિત માહિતીઓ પહોંચાડી છે. અત્યાર સુધીમાં કેનેડાની સરકારે ભારતે કરેલી વિનંતીઓ પર કોઈ કાર્યવાહી કરી નથી. જે અત્યંત ગંભીર બાબત છે. એટલું જ નહીં અમે જે લોકો સામે કાર્યવાહી કરવા અને તેમના પ્રત્યાર્પણ માટે વિનંતી કરી હતી તે લોકો હવે કેનેડામાં અપરાધ કરી રહ્યાં છે અને તે માટે તેઓ ભારતને દોષ આપી રહ્યાં છે. કેનેડાનું આ અતાર્કિક અને વિસંગતતાપૂર્ણ વલણ સમજાય નહીં તેવું છે તેમ તેમણે જણાવ્યું હતું. કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદીઓની કટ્ટરપંથી કામગીરી અંગે લખતાં કેટલાંક ભારતીય મૂળના પત્રકારો પર થયેલાં હુમલા અંગે પણ ભારતે ચિંતા વ્યક્ત કરી હતી. કેનેડાના સાંસદ ચંદ્ર આર્યના જણાવ્યાં અનુસાર, ત્રાસવાદ વિરોધી લખાણ લખતાં પત્રકાર મોચા બેઝિરગનને કેનેડામાં ખાલિસ્તાની આતંકીઓએ મોતની ધમકી આપી છે. એટલું જ નહીં ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા વારંવાર હિન્દુ મંદિરો પર કરતાં હુમલાને રોકવામાં જસ્ટિન ટ્રુડો સરકાર સદંતર નિષ્ફળ રહી છે. હિંસા અને ધમકીઓ આપનારા લોકોને કેનેડા છાવરી રહ્યું હોવાના આ સ્પષ્ટ પુરાવા છે. આમ છતાં કેનેડા ભારત પર દોષારોપણ કરી પોતાની નબળાઈ છુપાવી રહ્યું છે, જે કારગર નહીં નિવડે તેમ જયસ્વાલે જણાવ્યું હતું.

# ક્રિપ્ટો કરન્સીનું ટ્રેડિંગ કરાવવાનું કહી ચૂનો લગાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ઓનલાઈન શેરબજારમાં રોકાણ કરીને લાખો રૂપિયાનો નફો કમાવો, ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડિંગ કરીને ઊંચુ વળતર મેળવો. આવો મેસેજ આવે તો એલર્ટ થઈ જવાનું કેમકે આ સાયબર ગઠિયા છે. તેઓ તમારી પાસેથી લાખો રૂપિયા પડાવશે. પોલીસ અને તંત્ર દ્વારા લોકોને જાગૃત કરવા માટે પ્રયાસ કરવામાં આવે છે. તેમા છતાં સાયબર ગઠિયા અમદાવાદના એક વૃદ્ધને ટાર્ગેટ કરી ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડિંગ કરવાની લાલચ આપી ૨૦ લાખ રૂપિયા પડાવી ગયા છે. જે અંગે





વૃદ્ધે સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.હવે લોકોએ સાયબર ગઠિયાઓથી બચવા માટે જાગૃત થવાની જરૂર છે. ત્યારે જ વધુ એક આંખો ઉઘાડતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આઈએફસીએલમાંથી નિવૃત્ત થયેલા દિલીપભાઈ શિંદે(૭૩) હાલ પત્ની રાજસબેન સાથે જીવન સંધ્યા ગુજારે છે. ડ્રાઈવિંગ રોડ પર રહેતા દિલીપભાઈ સોશિયલ મીડિયા પર એક્ટિવ છે. તેમની બન્ને દીકરીઓ વિદેશ સેટલ છે.દિલીપભાઈએ ફેસબુક પર એક જાહેરાત જોઈ હતી. જેમાં રાજદીપ શર્મા નામના યુઝરે પોતાની વર્લ્ડ ફાઈનાન્સ એકેડમી નામની સંસ્થા ચલાવીએ છીએ અને લોકોને શેરબજારમાં રોકાણ કરાવીને સારો નફો કરાવી આપીએ છીએ. રાજદીપની વાતમાં આવી ગયેલા દિલીપ ભાઈએ રોકાણ કરવાની તૈયારી બતાવતાં રાજદીપની ટીમની મેરી સાનયાલે તેમની સાથે વાત કરીને એક ગ્રૂપમાં તેમને એડ કર્યા હતા. જ્યાં તેમને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરીને વધુ નફો કમાવવાની ટીપ્સ આપવામાં આવી હતી. હાલમાં ક્રિપ્ટોમાં ટ્રેડિંગ ખૂબ જ લાભદાયી હોવાનું તેમને જણાવ્યું હતું. આ ટીમની વાતોમાં આવી જઈને દિલીપભાઈ શિંદેએ ક્રિપ્ટો કરન્સીમાં નફો કમાવવા માટે ૨૦.૯૯ લાખનું રોકાણ કર્યું હતું. હવે પ્રોફિટ વિડ્રો કરવા માટે અરજી કરતાં રાજદીપ કે તેની ટીમ દ્વારા કોઈ જ જવાબ મળ્યો નહોતો. જેને પગલે પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં દિલીપભાઈ શિંદેએ સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

એરલાઇન્સને બોમ્બની ધમકી

## ૧૦ જેટલા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સસ્પેન્ડ કરાયા

### એવિએશન સિક્યોરિટી-ગુપ્તચર એજન્સીઓની સંયુક્ત ટીમે સોશિયલ મીડિયા હેન્ડલ્સનું વિશ્લેષણ કર્યું હતું





। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

છેલ્લા કેટલાક દિવસથી ભારતની એરલાઈન્સને બોમ્બની ખોટી ધમકીઓ મળી રહી છે ત્યારે વિવિધ સાયબર સિક્યોરિટી એજન્સીએ કડક કાર્યવાહી કરી છે. સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં બોમ્બની ખોટી ધમકી આપનારા ૧૦ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર સાયબર, એવિએશન સિક્યોરિટી અને ગુપ્તચર એજન્સીઓની સંયુક્ત ટીમે સોશિયલ મીડિયા હેન્ડલ્સનું વિશ્લેષણ કર્યું હતું. ત્યાર પછી નિરાધાર ધમકીઓ આપતા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો. લગભગ ૧૦ સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર કાર્યવાહી કરવામાં આવી છે. જેમાંથી મોટા ભાગના એક્સ પર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સોમવારથી ભારતની ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને બોમ્બ અને આતંકવાદી હુમલાની ખોટી ધમકીઓ મળવાનું શરૂ થયું ત્યારથી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને સસ્પેન્ડ અથવા બ્લોક કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.તપાસ એજન્સીઓને ખોટી ધમકીઓમાં કેટલાક કોમન શબ્દો અને વાક્યો વપરાયા હોવાનું જણાયું હતું. જેમાં 'બોમ્બ', 'બધે લોહી વહેશે', 'વિસ્ફોટક સાધનો', 'આ કોઈ જોક નથી', 'તમે બધાં મરશો' અને 'બોમ્બ રખવા દિયા હે'નો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એજન્સીઓ દ્વારા બોમ્બની દરેક ખોટી ધમકીના મેસેજ સંબંધી કેસમાં એફઆઈઆરની નોંધણી કરાવાઈ છે. ઉપરાંત, સોશિયલ મીડિયા અને ડાર્ક વેબ પર 'સાયબર પેટ્રોલિંગ' વધારવામાં આવ્યું છે.

## અમેરિકનોને અમદાવાદમાં બેસીને છેતરનારા અમદાવાદીની પોલીસે કરી ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮।

અમદાવાદ શહેરની ઝોન ૬ એલસીબી (ન્ઝ્મ) એ અમદાવાદમાં ઘરમાં બેસીને અમેરિકન નાગરિકોને છેતરનાર એક શખ્સને પકડી પાડ્યો છે. પોલીસે રૂ. ૩૧ લાખ રોકડ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છેપપોલીસ કસ્ટડીમાં લેવાયેલ વ્યક્તિનું નામ સલમાન સલીમ જીવાણી ઉર્ફે રાજા છે. અમદાવાદ શહેર પોલીસ ની ઝોન ૬ એલસીબીએ નકલી કોલ સેન્ટરના કેસમાં મણિનગરની ખોજા સોસાયટીના મકાન નંબર ૧૮માંથી એક વ્યક્તિની ધરપ કડ કરી છે. આરોપી સલમાન સલીમ જીવાણી ઉર્ફે રાજાએ છેલ્લા એક મહિનાથી પોતાના જ ઘરમાં નકલી કોલ સેન્ટર શરૂ કર્યું હતું. જેમાં તે ઈન્ટરનેટ દ્વારા કોલ કરીને અમેરિકન નાગરિકોની માહિતી લઈને અમેરિકન નાગરિકો પાસેથી પૈસા પડાવતો હતો જે અંગેની માહિતી ઝોન ૬ એલસીબીની ટીમના ધ્યાને આવતાં નકલી કોલ સેન્ટર ઝડપાઈ જતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમદાવાદમાં ધોરણ ૧૦ના બે વિદ્યાર્થીઓ અજાણતાં કોકેઈનના વ્યસની બની ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮।

ગુજરાતીઓને ડ્રગ્સના બંધાણી બનાવવા તળિયાના સ્તરથી કામ થઈ રહ્યુ છે. ગુજરાતના યુવાનો તો ડ્રગ્સનો શિકાર બની જ રહ્યા છે. હવે બાળકોને પણ પાછલા બારણેથી નશાના બંધાણી બનાવવાની દિશામાં પ્રયત્નો શરૂ થઈ ચૂક્યા છે. આ પ્રકારની શરૂઆત થઈ ચૂકી છે. અમદાવાદમાં જ આનો ચકચાર જગાવનાર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નાના બાળકોને અજાણતા જ ડ્રગ્સના બંધાણી બનાવી દેવામાં આવે છે. અમદાવાદના એક જાણીતા ટોક્સિકોલોજિસ્ટે એક એવો કિસ્સો કહ્યો જે દરેક મા-બાપ ને કમકમાટી છૂટશે. કારણ કે, આ કિશોરોને તેમની જાણ વગર ડ્રગ્સ આપવામાં આવતું હતું. અમદાવાદમાં ધોરણ ૧૦ના બે વિદ્યાર્થીઓ અજાણતાં કોકેઈનના વ્યસની બની ગયા હતા.

### આગામી તહેવારોને ધ્યાને રાખીને ભેળસેળિયા વેપારીઓ ઉપર ત્રાટકતી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ

# નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થાય તેવી અખાદ્ય ચીજ વસ્તુઓ બનાવતા ભેળસેળિયા વેપારીઓને સરકાર સાંખી નહીં લે : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

। અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખોરાકની સલામતી, લોકજાગૃતિ અને આગામી તહેવારોને અનુલક્ષીને તા.૩ થી ૧૭ ઓકટોબર દરમિયાન ''ફૂડ સેફ્ટી પખવાડિયા'' નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી તહેવારો દરમિયાન નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજો મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સજ્જ છે. જેના પરિણામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રૂ. ૬.૩ કરોડથી વધુનો શંકાસ્પદ ખાદ્ય પદાર્થ પકડી ભેળસેળિયા વેપારીઓને ઉગતા જ ડામી દેવામાં આવ્યા છે. આ સંદર્ભે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે જાહેર જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડા થાય તેવી અખાદ્ય ચીજ વસ્તુઓ બનાવતા અથવા ભેળસેળ કરતા વેપારીઓને સરકાર સાંખી નહીં લે. આવા ભેળસેળિયા વેપારીઓ પર રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. ખોરાક ઔષધ નિયમન તંત્રના કમિશનર શ્રી એચ.જી.કોશિયાએ માહિતી આપતા જણાવ્યું હતુ કે આગામી તહેવારોમાં જાહેર જનતાને શુદ્ધ અને સલામત ખાદ્ય ચીજો મળી રહે તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા.૩ થી ૧૭ ઓકટોબર દરમિયાન ''ફૂડ સેફ્ટી પખવાડિયું'' ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પખવાડિયા દરમિયાન તંત્રની જીલ્લા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓ દ્વારા એન્ફોર્સમેન્ટ, અવેરનેશ, ટ્રેનિંગની વિવિધ પ્રવૃતિઓ અને લાયસન્સ/રજીસ્ટ્રેશનના કેમ્પ, ફૂડ સેફટી વ્હીલ્સનો ઉપ યોગ કરી ટ્રેનીંગ, ટેસ્ટીંગ અને



જાગૃતિ તથા નવરાત્રી દરમિયાન રાત્રીના સમયે પાર્ટી પ્લોટો અને મંડળોવાળી જગ્યાએ ફૂડ સ્ટોલની તપાસની કામગીરી કરવામાં આવી હતી. ફુડ સેફ્ટી પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે તા.૧૭ ઓકટોબર સુધીમાં વિવિધ કચેરીઓ દ્વારા ૨૬૦૩ એન્ફોર્સમેન્ટ નમુના અને ૫૬૪૩ સર્વેલન્સ નમુના એમ કુલ ૮૨૪૬ જેટલા નમુના લેવામાં આવ્યા હતા તથા ૩૯૮૭ થી વધુ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યા હતા. અત્યાર સુધી તંત્ર દ્વારા રાજ્યમાં વિવિધ જગ્યાએ આકસ્મિક કુલ ૧૧૫ જેટલી રેડ કરી આશરે રૂ. ૬.૩ કરોડની કિમતનો ૨૨૬ ટન જેટલો શંકાસ્પદ ખાદ્યચીજનો જથ્થો તહેવારો દરમ્યાન ગ્રાહક સુધી ન પહોંચે તે માટે થઈને તંત્ર દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો. આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત નાગરિકોના આરોગ્યના હિતમાં ૮,૭૨૮ કિલોગ્રામ બિનઆરોગ્યપ્રદ ખોરાક, જેની કિંમત અંદાજે રૂ. ૧૩.૭ લાખ થાય છે, તેનો નાશ કરવામાં આવ્યો હતો. કમિશનરશ્રીએ ઉમેર્યું હતું કે પી.એમ. પોષણ કાર્યક્રમ અંતર્ગત કામ કરતા સંચાલકોને તાલીમ મળી રહે તે માટે ઓનલાઈન ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પી.એમ. પોષણ કાર્યક્રમમાં કામ કરતા દરેક સંચાલક, શિક્ષકો વગેરે ૯૦,૦૦૦ થી વધુ લોકો ટ્રેનિંગ માટે જોડાયા હતા. આ ઉપ રાંત, આંગણવાડીમાં કામ કરતા ૬૦,૦૦૦ કાર્યકરોને તંત્ર દ્વારા BISAG ખાતેથી ઓનલાઈન ટ્રેનિંગ આપી ફૂડ સેફટી અંગેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તંત્ર દ્વારા કરવામાં આવતા જન જાગૃતિના કાર્યક્રમના ભાગરૂપે ફૂડ સેફટી પખવાડિયાના અંતે કૂલ ૧૪૦૦ જેટલા જાગૃતિ કાર્યક્રમ ફૂડ સેફટી ઓનવ્હીલ્સ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં ૮.૫ લાખ જેટલા લોકોએ ભાગ લીધો હતો. વધુમાં ૨૦૦ જેટલી શાળાઓમાં પણ જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને ફૂડ સેફટી બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. ફૂડ સેફટી ઓનવ્હીલ્સ દ્વારા દિવસ દરમ્યાન ૧૩,૮૦૦ જેટલા નમુના તપાસવામાં આવ્યા અને ૧૦૦૦ થી વધુ ટ્રેનિંગ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યા હતા.

## હાઈકોર્ટે ભરતી કરવા માટે રાજ્ય સરકારને કરી ટકોર

।(એજન્સી) અમદાવાદ, તા.૧૮।

રાજ્યમાં પોલીસ ભરતી અને પ્રમોશનને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે હાઈકોર્ટમાં આ અંગે માહિતી આપી છે. ડિસેમ્બર ૨૦૨૪ સુધી ૩૮૦૦થી વધુ આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલની બઢતી કરાશે. માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૪૧૪ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પ્રમોશન અપાશે. સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પોલીસ વિભાગમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ ભરવા સરકાર પ્રયાસ કરશે. તો માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૪૧૪ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પ્રમોશન આપવાની સરકારે માહિતી આપી છે. સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પોલીસ વિભાગમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ ભરવા સરકાર પ્રયાસ કરશે. હાઈકોર્ટે રાજ્યમાં પોલીસ અકેડેમી વધારવાની જરુર જણાવી છે. ત્રણ જેટલી નવી પોલીસ એકેડમી ઊભી કરવા હાઈકોર્ટનું સરકારને સૂચના આપી છે. ભરતી પ્રક્રિયા માટે ગુજરાતના ઉમેદવારોને અન્ય રાજ્યોની પોલીસ એકેડેમીમાં મોકલવા પણ સૂચન કર્યું છે. એક અઠવાડિયામાં કાર્યવાહી કરી યોગ્ય જવાબ આપવા સરકારને આદેશ આપ્યો છે.

પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓને લઈને HCએ ચિંતા વ્યક્ત કરી છે. PI અને PSI ની ખાલી જગ્યાઓ મામલે વ્યક્ત ચિંતા કરી છે. કોર્ટના નિર્દેશ બાદ આગામી ભરતીનું કેલેન્ડર રજૂ કરાયું. DGPએ ભરતી અંગે કોર્ટમાં સોગંદનામુ કર્યું છે. ૨૦૨૬ સુધીમાં તમામ જગ્યાઓ પર ભરતી પૂર્ણ કરવા સરકારી વકીલની ખાતરી આપી છે. વિવિધ પદો માટેના ફિઝિકલ ટેસ્ટ નવેમ્બર- ડિસેમ્બરમાં પૂર્ણ કરાશે તેવી સરકારી વકીલ દ્વારા જણાવવામાં આવ્યુ છે.



રાજકોટમાં દિવાળીના તહેવાર પહેલા એક કુંભાર માટીના દીવાઓની તૈયારી કરતા નજરે પડે છે.

## આઠ નરાધમોએ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું

। સુરેન્દ્રનગર, તા.૧૮ ।

ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. વડોદરા, રાજકોટ, ભુજ, ધાંગ્રધા અને મહેસાણા બાદ હવે સુરેન્દ્રનગરના થાનમાં સગીરાનું અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ આઠ શખસોએ દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ બાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. ડી.વાય. એસપી રબારીએ આપેલી માહિતી અનુસાર આ મામલે એકની ધરપકડ કરી લેવામાં આવી હતી. સગીર પીડિતાની માતાએ આઠ નરાધમો સામે થાનગઢ પોલીસ મથકે અપહરણ અને દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી છે. આઠ શખસો માંથી કેટલાક આરોપીઓ દ્વારા ૧૭ વર્ષીય સગીરાના ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હોવાનો ફરિયાદ કરાઈ છે.

## પોરબંદરના કુખ્યાત ગેંગ લીડર ભીમા દુલા ઓડેદરાની અટકાયત

### ભીમા દુલાની વાડીમાંથી ૫૦ લાખ રોકડ અને પ્રાણઘાતક હથિયારો સાથે ભીમા દુલા સહિત અન્ય ત્રણ શખ્સોની પણ અટકાયત કરી

। (એજન્સી) પોરબંદર, તા.૧૮ ।

પોરબંદરના કુખ્યાત ગેંગ લીડર ભીમા દુલા ઓડેદરા સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. બોરીચક ગામે પોલીસે મોટુ ઓપરેશન પાર પાડતા ભીમા દુલાની વાડીમાંથી ૫૦ લાખ રોકડ અને પ્રાણઘાતક હથિયારો સાથે ભીમા દુલા સહિત અન્ય ત્રણ શખ્સોની પણ અટકાયત કરી છે. કુખ્યાત ગેંગ લીડર અને અનેક ગુનામાં સંડોવાયેલા પોરબંદરના નામચીન ભીમા દુલા ઓડેદરાની પોલીસે અટકાયત કરી છે. બોરીચક ગામે પોલીસે ગુપ્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યુ હતુ. આરોપીઓને ઝડપવા ગયેલી પોલીસને મોટો દલ્લો પણ હાથ લાગ્યો છે. ભીમા દુલાની વાડીમાંથી પોલીસને ૫૦ લાખ રૂપિયા રોકડા અને ઘાતક હથિયારો મળ્યા છે. રોકડ અને હથિયારો જપ્ત કરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. ભીમા દુલા ઓડેદરા સહિત ત્રણ શખ્સોની પોલીસે અટકાયત કરી તપાસ હાથ ધરી છે. પોલીસે વહેલી સવારે બોરીચા ગામે દરોડા પ ાડી મોટુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેમા પોલીસે લાખોની રોકડ રકમ અને જીવલેણ હથિયારોનો મોટો જથ્થો જપ્ત કર્યો હોવાનું સામે આવ્યુ છે. જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત મોટા પોલીસ કાફલા સાથે પોલીસે ઓપરેશન પાર પાડ્યુ હતુ. ગેંગ લીડર ભીમા દુલા એ રાણાવાવ-કુતિયાણાના પૂર્વ ધારાસભ્ય કરસન દુલા ઓડેદરાનો મોટો ભાઈ થાય છે. ભૂતકાળમાં તેણે આદિત્યાણા ગામે સંધી પિતા-પુત્રની હત્યા કરી હતી. અર્જુન મોઢવાડીયાના ચુસ્ત ટેકેદાર ગણાતા મુળું મોઢવાડીયાની પણ વર્ષ ૨૦૦૫માં ગોળી ધરબી થઈ હત્યા કરી હતી. ભીમા દુલા અને તેમના સાથીઓએ આદિત્યાણા ગકામના ઈસ્માઈલ ઉર્ફે ટીટી અને તેના પુત્રની ભરબજારમાં સરાજાહેર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હતી. હત્યા પાછળનું કારણ એવુ હતુ કે આદિત્યાણા ગામે પાઈપલાઈનનું કામ ચાલતુ હતુ, આ કામમાં ભીમા દુલાના બનેવી છગન કરશનની મશીનરી આ લાઈનના કામમાં ચાલુ હતી. ત્યારે ઈસ્માઈલ ટીટીવી ઓફિસ નજીક આ કામ નબળુ થતુ હોવાથી તેણે કામ બંધ કરાવ્યુ હતુ. તેન વિવાદ થતા તે જ સમયે ભીમા દુલા અને તેના માણસોએ ઈસ્માઈલ ટીટી અને તેના પુત્રની હત્યા કરી હતી. ૨૦૦૪માં કરાયેલી આ હત્યાનો ગુજરાત હાઈકોર્ટમાં ૧૩ વર્ષ બાદ ચુકાદો આવ્યો અને કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી.જો કે હત્યા કર્યા બાદ ભીમા દુલા નાસી ગયો હતો.

## વીરનગર ગામે સ્મશાન નજીકથી વીજ ટ્રાન્સફોર્મરની જ ચોરી કરી ગયા

। (એજન્સી) જસદણ, તા.૧૮ ।

દેશ અને વિદેશમાં ચોરીની ઘટનાઓ બનતી રહે છે.તમે ચોરીના ઘણા એવા સમાચાર સાંભળ્યા હશે, જેમાં ચોર ઘર, દુકાન કે અન્ય જગ્યાઓને નિશાન બનાવે છે. પરંતુ આજે અમે તમને ચોરીની એક એવી ઘટના વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેમાં ચોર ગામનું વીજ ટ્રાન્સફોર્મર જ ચોરી ગયા. દેશ અને વિદેશમાં ચોરીની ઘટનાઓ બનતી રહે છે.તમે ચોરીના ઘણા એવા સમાચાર સાંભળ્યા હશે, જેમાં ચોર ઘર, દુકાન કે અન્ય જગ્યાઓને નિશાન બનાવે છે. પરંતુ આજે અમે તમને ચોરીની એક એવી ઘટના વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેમાં ચોર ગામનું વીજ ટ્રાન્સફોર્મર જ ચોરી ગયા. અજીબોગરીબ ચોરીની આ ઘટના સાંભળીને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે.

## ગાંધીનગરમાં BNSના નવા કાયદા હેઠળ નોંધાઇ ફરિયાદ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮।

ગાંધીનગરમાં બીએનએસના નવા કાયદા હેઠળ ફરિયાદ નોંધાઈ છે. કોર્ટમાં ગેરહાજર રહેતી બે વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાઈ છે. સરખેજના ફિરોઝ મોહમ્મદ પાયક સામે ફરિયાદ નોંધાઈ છે. જામીન પર મુક્ત થયા પછી મુદતમાં હાજર ન રહેવાના લીધે કોર્ટે નિર્ણય લીધો છે. આ ઉપરાંત સુરતના નીતાબેન નગીનભાઈ પટેલ સામે પણ ફરિયાદ નોંધાઈ છે. આરોપી સુરત અને સરખેજના હોવાનું સામે આવ્યું છે. ૨૦૧૯ના નેગોનો કેસ ગાંધીનગર કોર્ટમાં ચાલતો હતો. સુરત ભુસ્તરશાસ્ત્રી કચેરી ખાતેના નીતાબેન નગીનભાઈ પટેલ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેઓની સામે પણ ગાંધીનગર કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. જેમાં તેઓને કોર્ટે પાંચ હજારના જામીન આપ્યા હતા. તેમ છતા તેઓ કોર્ટ સમક્ષ મુદતે હાજર રહ્યા ન હતા.

ગાંધીનગર કોર્ટમાંથી જામીન મેળવી લીધા પછી સતત મુદતમાં ગેરહાજર રહેનાર મહિલા સહિત બે વિરુદ્ધ કોર્ટ સુપ્રિટેન્ડન્ટ દ્વારા ફરિયાદ કરવામાં આવતાં સેકટર – ૭ ભારતીય ન્યાય સંહિતાના નવા કાયદા મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. કોર્ટ મુદતમાં ગેરહાજર રહેનાર આરોપીઓ વિરુદ્ધ કોર્ટ રાહે વોરંટ ઈસ્યુ કરી કાર્યવાહી કરવામાં આવતી હતી. ત્યારે ભારતીય ન્યાય સંહિતાના નવા કાયદા મુજબ આવા આરોપી ઓની વિરુદ્ધ અલગથી ફોજદારી ગુનો પણ દાખલ કરી શકાય છે.

### પત્નીની હત્યા કરી પતિએ કર્યો આપઘાત

## સુરતમાં ઘરકંકાસથી દંપતીનો આવ્યો અંત

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતમાં આપઘાતના બનાવોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતમાં પતિ પત્ની વચ્ચે ચાલી આવેલ ઘરકંકાસનો ઝઘડો હત્યા અને આપઘાતમાં પરિવર્તિત થયો છે. જ્યાં પતિએ સૌપ્રથમ પત્નીને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી દીધી હતી. ત્યાર બાદ પોતે પણ હાથની નસ કાપી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ સમગ્ર ઘટનાના પગલે ડીંડોલી પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.આ મામલે તપાસ કરતા તપાસ કરતા સામે આવ્યું કે, ઘરકંકાસમાં આવેશમાં આવીને પતિએ હત્યા અને આપઘાત કર્યો હતો. દંપતી વચ્ચે નાના મોટા ઝગડા થવા એ સામાન્ય બાબત છે પરંતુ ઘણીવાર આ ઝગડા અને ઘર કંકાસથી કંટાળીને જોખમી પગલાં ભરે છે. તેવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

## રાજકોટમાંથી ૪૬૧ દારૂની બોટલ ઝડપાઈ, પોલીસે ૨ ની ધરપકડ કરી

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

રાજકોટમાંથી ફરી એક વાર દારુ ઝડપાયો છે. બુટલેગરોએ રાજકોટમાં દારુ ઘુસાડવાનો નવો કીમિયો અપનાવ્યો છે. કારની સીટ પાછળ સંતાડી દારુનો જથ્થો રાજકોટ લવાયો હોવાનું સામે આવ્યુ છે. રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા પણ અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે રાજકોટમાંથી ફરી એક વાર દારુ ઝડપાયો છે. બુટલેગરોએ રાજકોટમાં દારુ ઘુસાડવાનો નવો કીમિયો અપનાવ્યો છે. કારની સીટ પાછળ સંતાડીને દારુનો જથ્થો રાજકોટ લવાયો હોવાનું સામે આવ્યુ છે. પોલીસે ૪૬૧ દારુની બોટલ સાથે બે લોકોની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર બંન્ને આરોપી રાજસ્થાનના વતની હોવાનું સામે આવ્યુ છે. બીજી તરફ આ અગાઉ અમદાવાદના સાણંદ વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પાડ્યા હતા. સાણંદના ભાટિયાવાસમાં ખુલ્લી જાહેર જગ્યા અને ઘરમાં દરોડા પાડ્યા હતા. મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ભૂપત ઠાકોરના મકાન અને ખુલ્લી જગ્યામાંથી દારૂનો જથ્થો મળ્યો હતો. ૨.૫૦ લાખથી વધુ કિંમતની દારૂની ૬૪૪ બોટલો મળી આવી હતી. દારૂના જથ્થા, બાઈક સહિત ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ વેચનાર બે આરોપીઓની ધરપકડ કરી. મુખ્ય આરોપી ભૂપત ઠાકોર સહિત ત્રણ લોકોની શોધખોળ હાથ ધરી છે.

